**સુવિચાર**

જે વ્યકિતએ પરિવર્તનનો પવન અને પ્રવાહ પારખ્યો અને ઝડપે-ઝડપે નવું નવું અપનાવવાનું ચાલું કર્યુ તે આગળ જતાં મહાન બન્યા.

:: સૌજન્ય ::



નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૭/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૪ વર્ષ : ૧૫ અંક : ૧૮૬


## સમગ્ર જિલ્લામાં અર્ધાથી લઈને સાડા ત્રણ ઈંચ સુધી વરસાદ

# અમરેલીમાં સવારથી બપોર સુધીમાં સાડા ત્રણ ઈંચ વરસાદ

**શહેરમાં ઠેકઠેકાણે ગોઠણડૂબ પાણી ભરાતા વાહન વ્યવહારને વ્યાપક અસર જોવા મળી**

**જિલ્લાનાં દરેક ગામો અને શહેરોમાં પણ વરસાદથી નદીઓ ગાંડીતુર બની**

**લીલીયા નજીક આવેલ મોટું તળાવ પાણીથી છલોછલ થયું**

**સતત વરસાદથી જગતાત ગણાતાં ખેડૂતોની ચિંતામાં વધારો થતો જોવા મળી રહ્યો છે**







અમરેલી, તા. ૨૦

અમરેલી પંથકમાં આજે સવારથી મેઘમહેર થતાં અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પાણી થઈ જવા પામેલ છે. ત્યારે અમરેલીમાં અનરાધાર સાડા ત્રણ ઈંચ વરસાદથી શહેરની મોટાભાગની સોસાયટી વિસ્તારમાં ઘરમાં પાણી ઘુસી જતાં અફડા તફડી મચી જવા પામી છે.

અમરેલી શહેરમાં અનરાધાર પડેલા વરસાદનાં કારણે શહેરના રાજકમલ ચોક, ભીડ ભંજન, બસ સ્ટેન્ડ રોડ, કલેકટર કચેરી, સરદાર સર્કલ સહિતના માર્ગ તથા અનેક વિસ્તારો પાણી પાણી થઈ ગયા હતાં. જાણે માર્ગ ઉપર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતાં. અમરેલીના ચિતલ રોડ, લાઠી રોડ, લીલિયા રોડ, બહારપરા સહિતના વિસ્તારોની સોસાયટીઓ પાણી સમાતાના હતાં.

અમરેલીના લાઠી રોડ પર રિલાયન્સ અને એચ.પી.ના પેટ્રોલ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## અમરેલીનાં ઠેબી જળાશયનાં દરવાજા ખોલાયા



અમરેલીનાં પાદરમાં આવેલ ઠેબી જળાશય ચાલું મૌસમમાં સૌપ્રથમ છલોછલ થતાં આજે જળાશયનાં પાંચ દરવાજા ખોલવામાં આવ્યા હતા.

**એક બહેન તેમની બહેન સાથે ઢાંગલાથી પાંચ તલાવડા સ્કૂટર પર જતી હતી**

# અરેરાટી : લીલીયાનાં ગુંદરણ ગામ નજીક ખેતરાઉ પાણીમાં તણાઈ જવાથી બે બહેનો તણાઈ : એક મોતને ભેટી

**અન્ય એક બહેનને ખેતરનાં શ્રમિકે જીવનાં જોખમે બચાવી લીધી**



સાવરકુંડલા, તા. ૨૦

લીલીયા પંથકમાં મેઘરાજાની મહેર કહેર સાબિત કરતી ઘટના ગુંદરણ નજીક ખેતરાઉ પાણીના પ્રવાહમાં ઘટી હતી ને બે સગી બહેનો પૂરના પ્રવાહમાં તણાઈ જતાં એક યુવતીને ખેત મજુર સવાભાઈએ જીવના જોખમે બચાવી લીધી હતી. જયારે એક યુવતી પાણીના પ્રવાહમાં એકિટવા બાઈક સાથે તણાઈ જતા એક દોઢ કિલોમીટર દૂર યુવતીની લાશ મળી આવતા નાના એવા ગામમાં અરેરાટી મચી જવા પામી હતી. યુવતીઓ પાણીના પ્રવાહમાં તણાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**

**ઘરકંકાસ વધી જતાં યુવકે અંતિમવાટ પકડી**

# લીલીયા ગામની સીમમાં રહેતા યુવકે પોતાની બન્ને પત્ની વચ્ચે મનમેળ ન હોય ઝેર પીધું

**પત્નીઓની આપસી લડાઈમાં પતિએ વિદાય લીધી**

અમરેલી, તા. ૨૦

મૂળ મધ્યપ્રદેશનાં વતની અને હાલ લીલીયા ગામની સીમમાં રહેતા બબલુભાઈ બીલાસભાઈ પવાર નામનાં ૩૦ વર્ષિય ખેતમજૂર યુવકની બન્ને પત્નીઓ વચ્ચે મનમેળ ન હોય અને ઘર કંકાસ રહેતો હોય. જેથી આ યુવકને લાગી આવતા પોતે પોતાની મેળે ઝેરી દવા પી લેતા તેમનું મોત થયાનું લીલીયા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

**ખેતરમાં લઈ જઈને કરાયો ગેંગરેપ**

# મણિપુરમાં બે મહિલાને નિર્વસ્ત્ર કરીને ગામમાં ફેરવવામાં આવી

**AAPના સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું, મણિપુરમાં બનેલી ઘટના અત્યંત શરમજનક અને નિંદનીય છે**

ઈમ્ફાલ, તા.૨૦

છેલ્લા બે મહિનાથી જાતીય હિંસાની આગમાં સળગી રહેલા મણિપુરમાંથી કથિત રીતે એક ભયાનક વીડિયો સામે આવ્યો છે. તેમાં પુરુષોનું એક જૂથ બે મહિલાઓના કપડાં ઉતારીને રસ્તા પર તેમની સાથે યૌન શોષણ કરતા જોવા મળે છે. આ ઘટનાનો વીડિયો સામે આવ્યા બાદ પહાડી રાજ્યમાં તંગદિલી પ્રવર્તી રહી છે. આરોપ છે કે બંને મહિલાઓને ખેતરમાં લઈ જઈને તેમના પર

**અનુસંધાન પાના ૬ ઉપર**


સર્વ શ્રેષ્ઠ કવોલીટી સર્વિસ તથા કિંમતની ખાત્રી

શું આપને સાંભળવામાં અથવા સમજવામાં તકલીફ પડે છે ?

અમરેલી જિલ્લામાં આધુનિક ટેકનોલોજી દ્વારા સારવાર તથા તાજા જન્મેલા બાળકોથી લઈને ૧૦૦ વર્ષનાં વૃધ્ધ સુધીનું બહેરાશનું ટેસ્ટીંગ અલગ અલગ ડીઝીટલ મશીન દ્વારા તપાસ કરવામાં આવશે. આ સેન્ટરમાં કોમ્પ્યુટરાઈઝ સ્પીચ થેરાપીની સુવિધા પણ મળશે.

Muk Badhir Seva Trust

કિલનીકની સેવાઓ :
- બહેરાશની તપાસ
- અંતઃકર્ણ કાનની નસોની તપાસ
- જન્મેલા બાળકનો BERA ટેસ્ટ
- કોકલીયર ઈમ્પ્લાન્ટ મેપિંગ
- સ્પીચ થેરાપી
- આર્ટિકયુલેશન થેરાપી
- ફલ્યુઅન્સી થેરાપી
- સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરાપી
- વોઈસ થેરાપી
- કોકલીયર ઈમ્પ્લાન્ટ વાળા બાળકો માટે AVT

ઉપરની તમામ સેવાઓ તથા અદ્યતન કંપનીઓનાં ડીજીટલ અને સેમીડીઝીટલ મશીનો પણ ઉપલબ્ધ છે

કવોલીફાઈડ ઓડિયોલોજિસ્ટ દ્વારા માર્ગદર્શન

શ્રીમતિ મીનાક્ષીબેન વિનયભાઈ વળિયા

ઓડિયોલોજી અને સ્પીચ થેરાપી કિલનીક

બહેરા મૂંગા શાળા, સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, અમરેલી : મો.નં. ૯૪૨૭૭ ૬૦૦૦૪



ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત

શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર

સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬

ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...

ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.



નંદભુવન સોસાયટી

ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે

સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે

સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"

તૈયાર કબ્જો

૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે

બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

પરિસ્થિતિ આપણને સાચવી લે તે
આપણું નસીબ પરિસ્થિતિને
આપણે સાચવી લઈએ તે આપણી સમજણ.

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

# અમરેલી : પાઠક સ્કૂલમાં રોટરેક્ટ કલબ દ્વારા ચિત્રકલા સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા. ૨૦

વર્લ્ડ યુથ સ્કીલ ડે નિમિતે પાઠક સ્કૂલ, અમરેલી ખાતે રોટરેકટ કલબ ઓફ અમરેલી ગીર તરફથી રંથસૃષ્ટિની રચનાત્મકતા ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આશરે ૮૦ થી વધુ સ્પર્ધકોએ લાભ લીધો હતો અને તેમાં ૩ વિભાગ પાડવામાં આવ્યા હતા. તેમાં ૧ થી ૩ વિજેતાને મોમેન્ટો તથા બાકી બધાને પ્રોત્સાહન પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા નિધી દેસાઈ, વર્ષા કુંભાર, માનશી વડેરા અને અમારી રોટરેકટ કલબનાં સભ્ય આકાશ જોષી, પ્રિયંક પંડયા, રોનક ભાલોડીયા, કિશન ગોલ, શ્રેયશ ભરાડ, ધરમ સરવૈયા, કેતન મહેતા, વિશાલ પલાને જહેમત ઉઠાવી હતી.



## પશુનિરીક્ષક અને સ્થાનિક અગ્રણીઓને સાથે રાખી જગ્યા નક્કી કરવામાં આવી

# વડિયામાં પશુ દવાખાના માટેની જગ્યાનું સ્થળ નિરીક્ષણ કરતા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા

## બરવાળા રોડ પર આઈ.ટી.આઈ. સામે બનશે અદ્યતન પશુ દવાખાનું

વડિયા, તા. ૨૦

અમરેલી જિલ્લાનાં છેવાડાનાં તાલુકા મથક એવા વડિયામાં ઘણા સમયથી પશુ દવાખાનાની સગવડ આપવા માટે અનેક સ્થાનિક નેતાઓની રજૂઆતનાં પગલે વર્તમાન સરકાર દ્વારા વડિયામાં અદ્યતન પશુ દવાખાનું બનાવવા માટે સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા બરવાળા બાવળ રોડ પર આઈ.ટી.આઈ. સામે જગ્યા ફાળવતા આ જગ્યા પર પશુધન નિરીક્ષક અને સ્થાનિક રાજકીય સામાજિક આગેવાનોને સાથે રાખીને સ્થાનિક ધારાસભ્ય અને રાજયનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ આ જગ્યાનું નિરીક્ષણ કર્યુ હતું અને તાત્કાલિક જગ્યા માપવા



અને આગળની કાર્યવાહી કરવા માટે સ્થાનિક તંત્રને સૂચનાઓ આપી હતી અને જણાવ્યું હતું કે આવનારા ટૂંકા સમયમાં અદ્યતન પશુ દવાખાનુ વડિયાને મળશે. આ ઉપરાંત ઘટતી પાયાની સુવિધાઓ પણ સરકારમાંથી મંજૂર કરાવી વડિયા વિસ્તારમાં વિકાસની ગતિને વેગવંતી બનાવવા વર્તમાન સરકાર અને ચૂંટાયેલા પ્રતિનિધીઓ કાર્યશીલ હોવાનું જણાવ્યું હતું. વર્ષો જૂની પશુ દવાખાનાની માંગ સંતોષાતા સ્થાનિક પશુપાલકો અને લોકોમાં પણ ખુશી જોવા મળી હતી. આ જગ્યા નિરીક્ષણમાં નાયબ મુખ્ય દંડક સાથે તાલુકાભરમાં સ્થાનિક આગેવાનો, કાર્યકરો અને વહિવટી તંત્રનાં લોકો જોડાયા હતા.

## રાજકોટ સ્થિત સદ્ભાવના આશ્રમ સંચાલિત

# શ્વાન આશ્રમમાં ૫૦૦ બીમાર, ઈજાગ્રસ્ત, અંધ અને અપંગ શ્વાનોને આશ્રય મળશે

## વર્તમાન સમયમાં ૧૩૫ જેટલા શ્વાન આશ્રમ લે છે



અમરેલી, તા. ૨૦

વિશ્વમાં સૌથી વફાદાર પ્રાણી એટલે શ્વાન. શ્વાન તમામ પ્રકારનાં જોખમને અગાઉથી અનુભવે છે. પ્રાચીન અને મધ્યયુગનાં સમયમાં, પહેલાનાં લોકો કૂતરાઓને પોતાની સાથે રાખતા હતા. જેથી તેઓ જંગલી પ્રાણીઓ, લૂટારાઓ અને ભૂત–પ્રેતથી બચી શકે. વનમાં રહેતા વનવાસી લોકો કૂતરા પાળતા હતા. જેથી તેઓ કોઈપણ પ્રકારનાં જોખમ પહેલા તે સાવધાન થઈ રહેતા ઋષિ–મુનિઓ પણ કૂતરા પાળતા હતા. આજકાલ પણ લોકો ઘરમાં કૂતરા પાળે છે.

જેથી તેઓ પોતાનાં ઘરને ચોરોથી બચાવી શકે. ભારતીય સંસ્કૃતિમાં શ્વાનનું મહત્વ પહેલેથી જ ચાલ્યુ આવે છે. શ્વાનને ભોજન આ વાથી ભૈરવ મહારાજ પ્રસન્ન થાય છે અને ભકતોની દરેક પ્રકારની આકસ્મિક મુશ્કેલીઓથી રક્ષણ કરે છે. એવું માનવામાં આવે છે કે શ્વાનને ખુશ રાખવાથી તે યમદૂતને પણ તમારી આસપાસ ભટકવા નથી દેતો અને શનિની સાથે સાથે રાહુ–કેતુ સંબંધિત દોષો પણ કૂતરાને તેલમાં ચપટી રોટલી ખવડાવવાથી દૂર થઈ શકે છે. રાહુ–કેતુનાં, કાલસર્પ યોગથી પીડિત લોકો માટે આ ઉપાય ફાયદાકારક છે. એવું માનવામાં આવે છે કે કાળો શ્વાન જયાં હોય ત્યાં નકારાત્મક ઉર્જા રહેતી નથી. શ્વાનને આપણી આસપાસ ચોમેર હોય છે. આપણા પરિવારનો જ એક હિસ્સો હોય છ. કમનસીબે શ્વાનો અકસ્માતમાં ઘવાઈને, બીમાર પડીને, ઉંમરને કારણે લાચાર બની જતા હોય છે. એવા નિઃસહાય, લાચાર શ્વાનો માટે રાજકોટમાં સદ્ભાવના વૃદ્ધાશ્રમ દ્વારા 'સદ્ભાવના શ્વાન આશ્રમ'ની શરૂઆત કરવામાં આવી છે. અહીં ચાલી ન શકતા, ઉભા ન થઈ શકતા, પેરેલિસિસવાળા, કમર ભાંગેલા, ફ્રેકચરવાળા, અંધ, અપંગ શ્વાનોને કાયમી આશરો મળશે તેમજ તેમને જરૂરી સારવાર સુવિધાઓ મળશે. સંસ્થા દ્વારા નિત્ય જરૂરી સારવાર, વેકસીનેશન, ઓપરેશન વગેરે કરવામાં આવશે અને એક પરિવારનાં સભ્યની જેમ નિર્વાહ કરવામાં આવશે. પ્રથમ તબક્કે ૫૦૦ શ્વાનોને આશરો અપાશે. હાલમાં જોઈ ન શકતા હોય એવા ૧૦, ઉંમરવા ૧૦, અનાથ ૨૧, પેરાલિસીસવાળા ૬૪, અન્ય ૩૦ એમ ૧૩૫ શ્વાનો આશ્રય લઈ રહ્યા છે. આ શ્વાનોને દરરોજ મ્યુઝિક થેરાપી આપવામાં આવે છે. દરેક બીમાર શ્વાનોનું દરરોજ ચેકઅપ અને સારવાર થાય છે. આ અંગે વિશેષ માહિતી માટે તેમજ આ પ્રકારના શ્વાનોને આશ્રય આપવા માટે સદ્ભાવના શ્વાન આશ્રમ, જામનગર રોડ, ખંઢેરિ સ્ટેડિયમની સામે, ગારડિ કોલેજની બાજુમાં, રાજકોટ(મો. ૭૪૮૫૯ ૨૨૨૨૪)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફ્સ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી એસ.ઓ.જી.ની કામગીરી

# સાવરકુંડલાનાં જીરા ગામે પચ્ચીશ વર્ષ પહેલા હત્યા કરી નાસતા–ફરતા અને મૃત જાહેર થયેલ આરોપી ઝડપાયો

## આરોપી મહારાષ્ટ્રનાં નાસિક ખાતે ભિક્ષાવૃત્તિ કરતો હતો

અમરેલી, તા. ૨૦

અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ. એસ.જી. દેસાઈની રાહબરી હેઠળ એસ.ઓ.જી. ટીમે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના ગુન્હાનાં આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા–ફરતા હોય, મજકુર આરોપીને ગઈ કાલ તા. ૧૯/૭/૨૦૨૩ ના રોજ રાજુલા તાલુકાનાં બારીયાધાર ગામેથી પકડી પાડી, આગળની ઘટીત કાર્યવાહી થવા સારૂ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપી :** જીવાભાઈ ગગજીભાઈ પરમાર (ઉ.વ. ૬૦) આશરે (દેપુ.) રહે. નાસીક, રહે. બાબરીયાધાર,

મજકુર પકડાયેલ જીવાભાઈ ગગજીભાઈ પરમાર રહે. નાસીક રહે. બાબરીયાધારની પુછપરછ દરમિયાન આજથી પચ્ચીસેક વર્ષ પહેલા સાવરકુંડલા તાલુકાનાં જીરા ગામે આ ગુનાનાં ફરિયાદી ભરતભાઈ બાબુભાઈ દેસાઈનાં પિતાનું ખુન સાથે ઘાડ કરી માર મારી મોત નિપજાવી રૂા. ૭૧,૨૦૦ નો મુદામાલ જે તે વખતે સહ આરોપીઓ સાથે મળી આ ગુનાને અંજામ આપેલ હતો અને મજકુર આરોપી આ ગુનો કર્યા બાદ પોતાની ઓળખ છુપાવી નાસીક – મહારાષ્ટ્રમાં ભીક્ષાવૃતિ કરી રખડતું ભડકતું જીવન વિતાવતો હતો. અને આ ગુનાનાં કામે પકડાયેલ આરોપીનાં ભાઈએ કોર્ટમાં ખોટું સોગદંનામું રજુ કરી મજકુર આરોપીને મૃત જાહેર કરેલ અંગેની ચોંકાવનારી હકિકત મળી આવેલ છે.



આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાં અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર એસ.જી.દેસાઈ, તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમનાં અના. એ.એસ.આઈ. નાજભાઈ પોપટ, રફીકભાઈ રાઠોડ, હેડ કોન્સ. ગોરબભાઈ લાપા, સુરેશભાઈ મેર, જીતેન્દ્રભાઈ મહેતા તથા પો.કોન્સ. પ્રવિણસિંહ ચૌહાણ તથા જીજ્ઞેશભાઈ પોપટાણી દ્વારા કરવામાં આવેલ છે.

# ઉનાનાં શખ્સે ભેરાઈનાં ટ્રક ચાલકને જમણા હાથે છરી ઝીંકી

અમરેલી, તા. ૨૦

ઊના ગામે રહેતા કપીલભાઈ ભનુભાઈ રાઠોડ અગાઉ ટ્રક ડ્રાઈવિંગ કરતા હોય અને તે ટ્રકમાં વેરેન્ટેઝ લાવતા હોય અને એક વાર ટ્રકનો અકસ્માત કરેલ હોય. જેથી ટ્રક માલીકે તેને ડ્રાઈવિંગમાંથી કાઢી મુકી તેની જગ્યાએ રહે. ભેરાઈ ગામે રહેતા હરેશભાઈ લાખાભાઈ મકવાણાને ટ્રક ડ્રાઈવિગ કરવા માટે રાખેલ હોય જે બાબતનુ મનદુઃખ રાખી હરેશભાઈ લાખાભાઈ મકવાણા, કોડીનાર ખાતે પથ્થર ખાલી કરી પરત તેના ઘરે જતા હતા. ત્યારે હેમાળ ગામના બસ સ્ટેન્ડ પાસે પહોંચતા આરોપી કપીલભાઈ ભનુભાઈ રાઠોડ તથા જયેશભાઈ સામતભાઈ જોળીયા રહે. ભટ્ટવદર(તા.જાફરાબાદ)વાળા સફેદ કલરની ફોરવ્હિલ ગાડી નં. જીજે–૦૫–જેઈ–૦૪૮૧ વાળી ટ્રક આડી નાખી ને ગે.કા. અવરોધ કરી ટ્રક ઉભો રખાવી હરેશભાઈ લાખાભાઈ મકવાણાને જમણા હાથ ઉપર છરીના બે ઘા મારી તથા જમણા પગના સાંથળ ઉપર લોખંડના સળીયાનો એક ઘા મારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાઈ છે.

# સાવરકુંડલા : સહજાનંદ શાળાનું ગૌરવ

સાવરકુંડલા, તા. ૨૦

આ શાળાની વિદ્યાર્થીની ડોડીયા પલક રાજેશભાઈએ ગુજરાત સરકાર દ્વારા લેવાયેલી જ્ઞાન સાધના સ્કોલરશિપ પરીક્ષા ૨૦૨૩–૨૪ માં સમગ્ર સાવરકુંડલા તાલુકામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી શાળા અને પરીવારનું નામ રોશન કર્યુ.

સાવરકુંડલા જેસર રોડ પર સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સંચાલિત છેલ્લા ૩૩ વર્ષથી અવિરત પણે ચાલતી ખ્યાતનામ શાળા શ્રી સહજાનંદ પ્રાથમિક વિદ્યાલય તથા શ્રી સ્વામિનારાયણ માધ્યમિક વિદ્યાલયમાં ૫૫૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. જેમાં તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા લેવાયેલ જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા ૨૦૨૩–૨૪માં ધોરણ આઠની આ શાળાની વિદ્યાર્થીની પલક રાજેશભાઈ ડોડીયાએ સમગ્ર



સાવરકુંડલા તાલુકામાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા ૨૦૨૩–૨૪ તારીખ ૧૧/૬/૨૦૨૩ના રોજ સમગ્ર ગુજરાત રાજયમાં યોજવામાં આવેલ. જે ૧૨૦ ગુણની પરીક્ષામાંથી ૯૮ ગુણ મેળવી સમગ્ર સાવરકુંડલા તાલુકામાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

# સા.કુંડલા બેન્ક ઓફ બરોડા શાખામાં ૧૧૬માં સ્થાપના દિનની ઉજવણી કરાઈ



સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા શહેરી વિસ્તારમાં ભારતની અગ્રણી રાષ્ટ્રીયકૃત બેન્ક બેન્ક ઓફ બરોડા સાવરકુંડલા શાખા દ્વારા તા. ૨૦/૭/૨૦૨૩ ના રોજ બેન્ક ના ૧૧૬ માં સ્થાપના દિન નિમિત્તે વોર્ડ નંબર ૬ માં આવેલ દેવીપૂજક વિસ્તારમાં આવેલી આંગણવાડી કેન્દ્ર માં સાવરકુંડલા બેન્ક ઓફ બરોડાના ચીફ મેનેજર મિતુલભાઈ સોંદરવા, ઓફિસર ગણેશકુમાર, રવિન્દ્રભાઈ તાંબે, રાહુલભાઈ ત્રિવેદીએ આંગણવાડીની મુલાકાત લઈને આંગણવાડીના નાના નાના ભૂલકાઓની વચ્ચે બેન્કના સ્થાપના દિનની ઉજવણી કરેલ અને બાળકોને લંચબોકસ, પાણીની બોટલ, ચોકલેટનું ચિફ મેનેજર દ્વારા વિતરણ કરવામાં આવેલ હતુ.

## સંસ્થાના પ્રમુખ દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં

# અમરેલીના પટેલ વિદ્યાર્થી આશ્રમની આગામી બુધવારે સામાન્ય સભા યોજાશે

## ટ્રસ્ટીઓ, કારોબારી સદસ્યો ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૨૦

શ્રેષ્ઠ પરિણામ મેળવતી અને વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્યના નિર્માણ માટે સતત કાર્યરત અમરેલી શિક્ષણ ક્ષેત્રની પ્રાચિન અને પ્રસિધ્ધ શિક્ષણ સંસ્થા શ્રી અમરેલી પટેલ વિદ્યાર્થી આશ્રમની આગામી સાધારણ સભા પ્રમુખ દિલીપભાઈ સંઘાણીના



અધ્યક્ષ સ્થાને તા. ૨૬/૦૭/૨૦૨૩, બુધવાર સવારના ૦૯–૦૦ કલાકે સંસ્થા પરિસરમા યોજાનાર હોઈ, જેમા ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો અને આજીવન સભ્યોને ઉપસ્થિત રહેવા અને સામાન્ય સભાનું કામકાજ પૂર્ણ થયે આયોજીત સ્નેહભોજનમાં સહભાગી થવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયેલ છે.

## સતત વરસાદથી આફતમાં વધારો

# ગીર ગઢડાના એભલવડ ગામે કાચું મકાન ધરાશાયી થતા વૃદ્ધ દંપતિ ઈજાગ્રસ્ત

## બન્નેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૦

ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી અવિતરપણે વરસાદ વરસી રહયો છે. ત્યારે અવિરત મેઘ મહેરથી કાચુ મકાન ધારાશાયી થવાની ઘટના ગીર – ગઢડાનાં એભલવડ ગામે ઘટી હતી અવિરત વરસાદથી એભલવડ ગામની પીપળા શેરીમાં રહેતા લક્ષ્મીબેન કાળુભાઈ શિયાળ તથા કાળુભાઈ હમીરભાઈ શિયાળ સવારનાં સમયે વરસાદ વરસતો હોય ત્યારે બંને વૃદ્ધ દંપતિ ઘરમાં હોય ત્યારે વરસાદનાં કારણે સવારનાં સમયે કાચું મકાન ધારાશાહી થઈ ગયું હતું અને મકાનનો કાટમાળ બંને દંપતી પર પડતા બંને દંપતી દબાઈ ગયા હતા. જે અંગેની જાણ આસપાસનાં લોકોને થતા દોડી આવ્યા હતા. અને બંને દંપતીને બહાર કાઢયા હતા. જેમાં પત્ની લક્ષ્મીબેન તથા પતિ કાળુભાઈ બંને ઈજાગ્રસ્ત થતા ૧૦૮ ની મદદથી ઉનાની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જયારે સમગ્ર ઘટનાની જાણ સરપંચ તલાટી કમ મંત્રી તથા ગીર ગઢડા સર્કલ ઓફિસરને થતા બનાવ સ્થળે દોડી આવ્યા હતા. અને ગરીબ પરિવારનું કાચું મકાન ધારાશયથી થતા ઘરવિહોણા થતા ગરીબ પરિવારને વહેલી તકે વધુમાં વધુ સહાય મળી રહે તેવા તલાટી કમ મંત્રી અનિલ સોંડાગર તેમજ સર્કલ વિભાગ દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યા હતા.

# બગસરા : બાળ સંસ્કાર કેન્દ્રનાં બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ

બગસરા, તા. ૨૦

વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા ૨૦ જુલાઈ ૨૦૨૩ ના રોજ સ્લમ વિસ્તારમાં ચાલતાં બાળ સંસ્કાર કેન્દ્રના બાળકોને, બેન્ક ઓફ બરોડા બગસરા દ્વારા શૈક્ષણિક કિટ્સનું વિતરણ કરવામાં આવેલ. વિચરતી અને વિમુકત જાતિના ગરીબ બાળકોને ચોપડા, સ્લેટ જેવી ઉપયોગી વસ્તુઓ ભેટ આપી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ પ્રસંગે બેન્ક મેનેજર રાકેશ ભાઈ નાયબ તથા બ્રીજેશભાઈ મહેતા, પ્રકાશભાઈ સોલંકીના વરદ હસ્તે સંસ્થાને આ ઉપયોગી કિટ્સ અર્પણ કરવામાં આવેલ. તેમ અરવિંદભાઈ રાઠોડની યાદીમાં જણાવેલ છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

## ''બેટી બચાવો બેટી પઢાઓ''નો નારો માત્ર મતની રાજનીતિ માટે જ રહ્યો

# મણિપુરની ઘટનાએ સમગ્ર દેશમાં રોષ ઉભો કર્યો

### દ્રોપદીનું વસ્ત્રાહરણ વખતે પણ અનેક મૌન રહ્યા અને કુળનું નિકંદન નીકળી ગયું તેમજ વર્તમાન શાસકોનું મૌન સૌને અકળાવે છે

### સત્તાના મદમાં રાચતાં સત્તાધીશો અને મીડિયાનું મૌન તેઓનાં માટે આગામી દિવસો ભયાનક અંતની આગાહી છે

### પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંગને ડો. મનમૌનસિંગ કહેનારા સૌ કોઈ ભેદી મૌન ધારણ કરીને બેઠા છે

### પ્રદેશ મહિલા કોંગ્રેસનાં પ્રમુખ જેનીબેન ઠુંમરે મણિપુરની ઘટના અંગે આકરી પ્રતિક્રિયા વ્યકત કરી

અમદાવાદ, તા. ૨૦

મણીપુરની ૭૬ દિવસથી ચાલતી હિંસા અને તેમાં પણ મણીપુર દીકરીને નિવસ્ત્ર કરવાની દર્દનાક અને સૌ માટે શર્મજનક ઘટના પર કેન્દ્રના ગૃહમંત્રી, મણીપુરના મુખ્યમંત્રીની નિષ્ફળતા પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસનાં અધ્યક્ષ જેનીબેન ઠુંમરે જણાવ્યું હતું કે, પોલીસ કસ્ટડીમાંથી આ મહિલાઓને લઈ જવામાં આવી. નગ્ન કરીને પરેડ કરાવવામાં આવે છે. ભાઈની હત્યા એમની સામે જ કરી દેવામાં આવી. ૧૮ મે માં એફઆઈઆર થઈ આજે ૨૦ જુલાઈ સુધી અરેસ્ટ નથી કરી શકયા. હજુ કોણ કોણ હતા એ પાષાણ યુગમાં પણ ૨૧મી સદીના દ્રશ્યો જોવા નહિં મળ્યા હોય. ડબલ એન્જિનની સરકાર છે એટલે હજુ સુધી મણિપુરમાં સરકાર યથાવત છે. રાજસ્થાનમાં થઈ રહેલ મહિલાઓ પરના અત્યાચાર પર જે સંવેદનાઓ વ્યકત કરી રહ્યા હતા પ્રધાનમંત્રી એ જ પ્રધાનમંત્રી પહેલવાન મહિલાઓ પરના અત્યાચારો, મણિપુરની મહિલાઓ માટે ચુપ રહ્યા. આપણે કયાં સમાજમાં રહીએ છીએ. ૧૬૦થી વધારે લોકો મર્યા, ૧૦૦૦થી વધારે ઘાયલ છે, ૬૫૦૦૦ લોકો બેઘર છે, ૫૦૦૦થી વધારે ઘટનાઓ ઘટી છે, ૬૦૦૦ ફરિયાદો દાખલ થઈ છે, માત્ર ૧૪૪ ધરપકડ થઈ છે, ૩૬૦૦૦ પોલીસકર્મી, ૪૦ જેટલા આઈપીએસ ઓફીસર, ઈન્ડીયન આર્મી ત્યાં હાજર છે. મુખ્યમંત્રી સહિત તમામ મહિલાઓ કે જે સત્તામાં બેઠેલી છે એ તમામ મહિલાઓને હું સવાલ પુછવા માંગુ છું. તમામ મંત્રીઓ, ધારાસભ્યો, સત્તાધીશો કે જેમની દીકરીઓ છે, બહેન છે, માતાઓ છે.

ઘણા બધા લોકોએ મણિપુરની કુકી મહિલાઓ સાથે જે કૃત્યો થયા એ નહિં જોયા હોય હું આશા રાખું કે સંવેદનશીલ વર્ગે એ વિડીયો જોવો પણ ના જોઈએ. જે પ્રમાણેનું કૃત્ય થયું છે એ જોઈને એકવાર તો દેશની સરકાર પર અને એની સંવેદનહીનતા પર ફીટકાર વરસાવાઈ જશે. આજે દેશનું કોઈપણ રાજય હોય, કોઈપણ વર્ગ હોય, સમાજ હોય એ ચુપ રહેવાના અધિકારી નથી. પુરૂષોની ભીડથી ઘેરાયેલી ૨ નિવસ્ત્ર મહિલાઓ માટે બોલવું પડશે. આ ઘટનાએ એ સાબિત કરી બતાવ્યું છે કે, ''બેટી બચાઓ, બેટી પઢાઓ''ના નારાઓ ફકત મતની રાજનીતિ કરવા માટે જ આપ્યા છે. આનો કોઈ મત્તલબ આખા દેશમાં દેખાતો નથી. 'અચ્છે દીન', 'સબકા સાથ સબકા વિકાસ', દ્રોપદીનું વસ્ત્રાહરણ અમૃતકાળમાં થઈ રહ્યું હતું ત્યારે જે લોકો રોકી શકતા હતા, બોલી શકતા હતા પણ ના રોકયું, ના બોલ્યા અને આખા કુળનું નિકંદન નીકળી ગયું એ જ રીતે અત્યારે સત્તાના કેફમાં મદમસ્ત લોકો અને સત્તાની સાંકળોમાં જકડાયેલું મીડિયા જે પ્રમાણે ચુપકી સાધી લીધી છે એ તમારા ભયાનક અંતની આગાહી છે કે મહિલાઓ અને બાળકોની હાય તમને બરબાદ કરશે.

મણિપુર હિંસા સત્તાધીશો, સત્તાના ભૂખ્યા લોકો જયાં જયાં આ રાજરમતો રમે છે તે લોકો થકી જ આખો દેશ વિશ્વમાં બદનામીની ઉંચાઈઓ પ્રાપ્ત કરી રહી છે. માનવ સંવેદનાઓ સંપૂર્ણ ગુમાવી ચૂકયા છે. મણિપુરમાં થયું અહીં નહિં થાય એ માની લેવાની બીલકુલ ભૂલ ના કરતા કયાંય પણ આ ઘટનાઓ જોવા મળી શકે છે કોઈ પણના ઘર સુધી. ભારત કઈ દિશામાં જઈ રહ્યો છે એનું નાનકડું એવું ભયાનક ચિત્તાર આપણા સામે રજૂ થયો છે. લો એન્ડ ઓર્ડરના ચિંથરા ઉડાવવાનો નોબેલ પારીતોષિક ભારતીય જનતા પાર્ટીની સરકારોને આપવો જ ઘટે. બંગડીઓ તો સ્મૃતિ ઈરાનીજી પાસે છે એ લઈને પહેરી લેવા વિનંતી.

ડો. મનમોહનસિંહજીને મૌનમોહનસિંહજી કરીને બોલાવનારાઓ આજે ફકત મૌન નથી ભેદી મૌન ધારણ કરીને બેઠા છે. ભારત દેશમાં સૌથી સસ્તું કંઈ રાખ્યું હોય તો એ માણસનો જીવ સસ્તો કરી દીધો છે. આ સરકારે એનું ઉદાહરણ પણ આજે એસ.જી. હાઈવે પર જોઈ લીધું.

### ધારાસભ્યની દરમિયાનગીરીથી

## સા.કુંડલા : ભોકરવા ગામનાં ખેડૂતોનો ગામ નમૂનો નં.૬ નો પ્રશ્ન દૂર થયો

### નાયબ મામલતદાર કક્ષાનાં અધ્યક્ષસ્થાને સમિતિ બનાવાઈ



સાવરકુંડલા, તા. ૨૦

ભોકરવા ગામની જમીનનો મુળભૂત આધાર એટલે ગામ નમુનો નં-૬. જે કોઈપણ કારણોસર ૨૦૧૧ની સાલથી ગુમ થયેલ. જેના કારણે ગામના ખેડુતોને ધીરાણ મેળવવા, ખેડુત ખાતેદારનો દાખલો મેળવવા કે જમીન ખરીદવા-વેંચાણ કરવા ટાઈટલ મળી શકે નહી. આવી પારાવાર મુશ્કેલી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના ધ્યાને આવતા જીલ્લા સંકલન સમિતિ તેમજ સરકારમા રજૂઆત કરવામા આવેલ. જેના અનુસંધાને સાવરકુંડલા પ્રાંતઅધિકારી ભાલારા મેડમ, મામલતદાર ગોહિલ તેમના સ્ટાફ સાથે ભોકરવા ગામમા જાહેર સભા બોલાવી હતી અને તાત્કાલિક અસરથી પ્રશ્નો હલ કર્યા.

આગામી સમયમા નમૂનો નં-૬ નવો બનાવવા નાયબ મામલતદાર કક્ષાના અધિકારીની આગેવાનીમા કમીટી બનાવી જીણવટભરી તપાસ કરી નવુ દફતર બનાવવા બાબતે યોગ્ય ખાત્રી આપી હતી. જેના કારણે ગામજનોમા ખુશીની લાગણી છવાઈ હતી.

## સાવરનાં આરોગ્ય કેન્દ્રમાં નિરામય કેમ્પ યોજાયો





સાવરકુંડલા, તા. ૨૦

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જુના સાવર ખાતે નિરામય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આંગણવાડી વર્કર અને હેલ્પર બેહેનોનું એન.સી.ડી. સ્ક્રીનીંગ કરાવામા આવ્યું. જેમાં વજન/ ઊંચાઈ /બીપી /બ્લડ ગ્રૂપ, સુગર કરવામા આવ્યું અને બધા બહેનોનું આભાકાર્ડ કઢાવામા આવ્યાં. જેમા ઈલિયાસભાઈ રાઠોડ ખાવત, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર જાગૃતભાઈ ચૌહાણ, હિમાલયભાઈ, સંદીપભાઈ, કુમનભાઈ, સાગથિયાભાઈ, નીલુબેન વગેરેએ ભારે જેહમત ઉઠાવી.

### નાયબ મુખ્યદંડક કૌશિક વેકરિયાએ

## વડિયા-કૃષ્ણનગર અને વડિયા-સુરત રૂટની એસ.ટી. બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કર્યુ

### વડિયા બસ સ્ટેન્ડનું રૂપિયા ૨૧ લાખનું ખર્ચે નવિનીકરણ કરાશે





અમરેલી, તા.૨૦

ગુજરાત રદકે નાગરિકોને વધુમાં વધુ બસ સેવા મળી રહે તે માટે રાજયનું એસ.ટી.તંત્ર કાર્યરત છે. એ સ્થાનથી અન્ય સ્થાન સુધી જવા માટે એસ.ટી.બસની સગવડો નાગરિકોને પ્રાપ્ત થઈ રહી છે. તાજેતરમાં જ ગુજરાત સરકારે નવી એસ.ટી.બસ લોન્ચ કરી સગવડો નાગરિકોને પ્રાપ્ત થઈ રહી છે. તાજેતરમાં જ ગુજરાત સરકારે નવી એસ.ટી.બસ લોન્ચ કરી છે. વડીયા એસ.ટી. બસ સ્ટેશન ખાતે વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક અને અમરેલી -વડીયા વિસ્તારનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ વડીયા-અમદાવાદ, કૃષ્ણનગર અને વડીયા - સુરત નવી એસ.ટી. બસને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. મુસાફરોને આ નવી એસ.ટી. વડીયા-અમદાવાદ બસની સુવિદ્યા સાંજનાં ૭ વાગ્યે બગસરાથી અને બપોરનાં ૩ વાગ્યે વડીયાથી મળશે. આ ઉપરાંત વડિયા-સુરત નવી એસ.ટી. બસની સુવિદ્યા બપોરનાં ૩ વાગ્યે બગસરાથી ઉપરાંત સાંજે ૪ વાગ્યે વડીયાથી મળશે. આ બંને નવી એસ.ટી. બસમાં ૩ બાય ૨ બેઠક વ્યવસ્થા છે અને આ નવી એસ.ટી.બસ માં મુસાફરો સરળતાથી લાંબી મુસાફરીનો લાભ માણી શકશે. વડીયા અને બગસરાનાં મુસાફરોને લાંબા રૂટ સુરત અને અમદાવાદ સુધી અવર-જવર માટે એસ.ટી.ની નવી બસોની આ સુગમ સગવડ સરળતાથી મળશે. ઉપરાંત મુસાફરોની સુવિદ્યાઓમાં વધારો થશે.

આ પ્રસંગે વડીયા બસ સ્ટેશનનાં નવીનીકરણની નાગરિકોની માંગણી ધ્યાને લઈ રાજય સરકારનાં પ્રજાલક્ષી નિર્ણયને લીધે પુર્ણ કરવામાં આવશે. મહત્વનું છે કે, આગામી સમયમાં રૂા.૨૧ લાખનાં ખર્ચે વડીયા એસ.ટી. બસ સ્ટેશનનું નવીનકીરણ કરવામાં આવશે. વડીયા બસ સ્ટેશનમાં સી.સી. રોડની કામગીરી, વિટ્રીફાઈડ ટાઈલ્સની કામગરી, બારી દરવાજા રીપેરિંગ કામગીરી, કલર કામગીરી, ટોઈલેટ બ્લોકનું રિનોવેશન, સેપ્ટીટેક કામગીરી, બારી દરવાજા રીપેરિંગ કામગીરી, કલર કામગીરી, ટોઈલેટ બ્લોકનું રિનોવેશન, સેપ્ટીટેક કામગીરી, નવીન બોર કામગીરી સહિતની કામગીરી કરવામાં આવશે. તેમ એસ.ટી.અમરેલી વિભાગીય અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.




ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે
શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૭૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫









### SG હાઇવે અકસ્માત કેસ મામલે

# એક જ સપ્તાહમાં ચાર્જશીટ રજૂ થશે, ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચાલશે :હર્ષ સંઘવી

## આ અકસ્માતનાં ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાય અને સારવારનો સંપૂર્ણ ખર્ચ પણ આપવાનો નિર્ણય કર્યો છે

અમદાવાદ, તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં બુધવારે મોડી રાત્રે ઈસ્કોન બ્રિજ પર થયેલી વાહન અકસ્માતની ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈને તે અંગે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. મુખ્યમંત્રીએ આ દુર્ઘટનામાં બે પોલીસકર્મીઓ સહિત જે નવ વ્યક્તિઓના અકાળે મૃત્ય થયા છે તેમના પરિવારજનો પ્રત્યે સાંત્વના અને દિલસોજી પાઠવવા સાથે પ્રત્યેક મૃતકોને ૪ લાખની સહાય જાહેર કરેલી છે. એટલું જ નહીં, આ અકસ્માતનાં ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાય અને સારવારનો સંપૂર્ણ ખર્ચ પણ આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિઓના પરિવારો અને સોલા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તોની સહાય માટે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલને સોલા સિવિલ હોસ્પિટલ પહોંચવા તત્કાલ સૂચનાઓ આપી હતી. તે મુજબ તેઓ ત્યાં પહોંચ્યા હતા અને સારવાર સહિતની વ્યવસ્થાઓમાં મદદરૂપ થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ગૃહ રાજ્ય મંત્રી અને ઉચ્ચ અધિકારીઓએ સમગ્ર ઘટના ક્રમની અને પોલીસ તંત્ર દ્વારા આ ઘટના બાદ લેવાયેલા પગલાઓથી માહિતગાર કર્યા હતા. આ દુર્ઘટનામાં સંડોવાયેલા કસૂરવારો સામે તાત્કાલિક કાયદેસરની કડક કાર્યવાહી, અટકાયત અને સંપૂર્ણ નિષ્પક્ષ તપાસના આદેશો આ ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાનગરોમાંથી પસાર થતાં હાઈ-વે સહિત રાજ્યભરમાં હાઈ-વે પર વાહનોની સ્પીડ વગેરેની દેખરેખ માટે સી.સી.ટી.વી કેમેરા નેટવર્ક અને મહાનગરોનાં હાઈ-વે પર લાઈટ-પોલ અંગે પોલીસ, માર્ગ-મકાન, શહેરી વિકાસ વિભાગ અને સ્થાનિક સત્તાતંત્ર વચ્ચે સંકલન સાધીને વધુ સુદ્રઢ બનાવવા મુખ્ય સચિવશ્રીને સુચનાઓ આપી હતી. આ બેઠકની ચર્ચામાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, મહાનગરોમાં વાહનોનાં ઓવરસ્પિડિંગ અને રેસ ડ્રાઈવિંગ તથા સ્ટંટ કરનારા યુવાઓ સામે સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે તે વધુ કડક અને વ્યાપક બનાવાશે. આ કેસને મોસ્ટ સિવિયર અને મોસ્ટ અર્જન્ટ કેસ તરીકે ટ્રીટ કરીને એક જ સપ્તાહમાં ચાર્જશીટ રજૂ કરવા તેમજ સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂંક કરીને આ કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, અમદાવાદમાં થયેલી આ અકસ્માત જેવી ઘટનાઓનું પુનરાવર્તન ભવિષ્યમાં ન થાય અને સમાજમાં દાખલો બેસે તે રીતે કડક શિક્ષાત્મક પગલાં સહિતની કાર્યવાહી રાજ્ય સરકાર આ માર્ગ અકસ્માતની ઘટનામાં સંડોવાયેલા કસૂરવારો સામે કરવા સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

### અમદાવાદ ઈસ્કોન બ્રિજ અકસ્માત મામલો

# ઈસ્કોન બ્રિજ અકસ્માત મામલે મુખ્યમંત્રી દ્વારા બેઠક બોલાવાઇ

## FSL દ્વારા રિપોર્ટમાં જણાવ્યું છે કે કાર ૧૬૦ ની સ્પીડમાં હોવાનો રિપોર્ટમાં ખુલાસો કર્યો છે

અમદાવાદ, તા.૨૦

અમદાવાદમાં ઈસ્કોન બ્રિજ પર સર્જાયેલ અકસ્માત મામલે એફએસએલ દ્વારા રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે કાર ૧૬૦ ની સ્પીડમાં હોવાનું રિપોર્ટમાં ખુલાસો થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં બુધવારે મોડી રાત્રે ઈસ્કોન બ્રિજ પર થયેલી વાહન અકસ્માતની ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈને તે અંગે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી.મુખ્યમંત્રીએ આ દુર્ઘટનામાં બે પોલીસકર્મીઓ સહિત જે નવ કમનસીબ વ્યક્તિઓના અકાળે મૃત્ય થયા છે તેમના પરિવારજનો પ્રત્યે સાંત્વના અને દિલાસો પાઠવવા સાથે પ્રત્યેક મૃતકોને રૂ. ૪ લાખની સહાય જાહેર કરેલી છે. એટલું જ નહિ, આ અકસ્માતનાં ઈજાગ્રસ્તોને રૂ. પચાસ હજારની સહાય અને સારવારનો સંપૂર્ણ ખર્ચ પણ આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિઓના પરિવારો અને સોલા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તોની સહાય માટે આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલને સોલા સિવિલ હોસ્પિટલ પહોંચવા તત્કાલ સૂચનાઓ આપી હતી તે મુજબ તેઓ ત્યાં પહોંચ્યા હતા અને સારવાર સહિતની વ્યવસ્થાઓમાં મદદરૂપ થયા હતા.

ગૃહમંત્રીહર્ષ સંઘવીએ પણ અકસ્માત સ્થળની મુલાકાત લઈને અમદાવાદ શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી દુર્ઘટના કઈ રીતે ઘટી તેની વિસ્તારપૂર્વક જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ગૃહ રાજ્ય મંત્રી અને ઉચ્ચ અધિકારીઓએ સમગ્ર ઘટના ક્રમની અને પોલીસ તંત્ર દ્વારા આ ઘટના બાદ લેવાયેલા પગલાઓથી માહિતગાર કર્યા હતા.

અમદાવાદ ઈસ્કોન અકસ્માત મામલે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, દુર્ઘટનાની સમગ્ર બાબતો અંગે મુખ્યમંત્રી સમીક્ષા કરી છે. તેમજ અકસ્માત થવાનાં ટેકનિકલ કારણોથી પણ મુખ્યમંત્રીને અવગત કરવામાં આવ્યા છે. પીડિતને ન્યાય મળે અને કસૂરવાર સામે કડક પગલાંઓ લેવાય તે અંગે મુખ્યમંત્રીએ સૂચના આપી છે.

આગામી દિવસો માં અકસ્માત કોઈ રીતે રોકી શકાય છે તેના પર ચર્ચા અને કાર્યવાહી કરવામા આવશે. તેમજ અમદાવાદ ઈંચાર્જ પોલીસ કમિશ્નર, માર્ગ અને મકાન વિભાગ તથા મહાનગર પાલિકા ના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામા આવી છે.

### જીવાદોરી સમાન સસોઈ ડેમ ઓવરફ્લો

# લાલપુર- જામજોધપુર પંથકમાં થયેલા વરસાદના કારણે સસોઈ ડેમ ઓવરફ્લો થયો

## ૧૩ જેટલા ગામનો કેનાલ મારફતે સિંચાઈ માટે સસોઈ ડેમ આર્શીવાદરૂપ છે, હાલ ડેમ ૨ ફુટની સપાટીએ ઓવરફ્લો થયો છે

જામનગર, તા.૨૦

જામનગર શહેરને પીવાનુ પાણી પુરતા પાડતા મુખ્ય ડેમમાં રણજીતસાગર તથા સસોઈ ડેમ આવેલા છે. રણજીતસાગર ડેમ વરસાદના બીજા રાઉન્ડમાં ઓવરફલો થયો હતો. અને વરસાદના ત્રીજા રાઉન્ડમાં સસોઈ પણ છલોછલ થયો છે. બુધવારે લાલપુર તથા આસપાસના વિસ્તારમાં થયેલા સારા વરસાદના કારણે રસોઈ ડેમ જે ૪૦ ટકા સુધી ભરાયેલ હતો. તે એક દિવસમાં ૧૦૦ ટકા પુર્ણ ભરાયો. રાત્રીના આશરે ૧૦ વાગ્યે સસોઈ ડેમ છલોછલ થયો હતો. સસોઈ ડેમમાંથી જામનગર શહેર તથા આસપાસના અનેક ગામને પીવા માટે તથા સિંચાઈ માટે પાણી મળતુ રહે છે. સસોઈ સિંચાઈ યોજના જામનગર તાલુકાના ખારા બેરાજા, દોઢીયા, જીવાપર, ગાડુકા, બાલંભડી, આમરા, વસઈ, સરમત, લાખાબાવળ, નાઘેડી ગામનો સમાવેશ થાય છે. તેમજ લાલપુર તાલુકાના પીપળી, ડેરાછીકારી, નવાગામનો સમાવેશ થાય છે. જેમાં કુલ જામનગર તાલુકાના ૧૦ અને લાલપુર તાલુકાના ૩ મળીને ૧૩ ગામોને તેમજ મહાનગર જામનગર અને બે ખાનગી કંપનીને પીવાનુ પાણી આપે છે. આ ઉપરાંત ૧૩ જેટલા ગામનો કેનાલ મારફતે સિંચાઈ માટે સસોઈ ડેમ આર્શીવાદરૂપ છે. હાલ ડેમ ૨ ફુટની સપાટીએ ઓવરફલો થયો છે. હજુ પણ ઉપરવાસમાં વરસાદી વાતાવરણ હોવાથી પાણીનુ સ્તર વધે છે.

તેથી બુધવાર મોડી રાત્રીથી નીચાણવાળા વિસ્તારમાં આવેલા ૧૦ જેટલા ગામને સાવચેત રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. જેમાં આમારા, બાલંભડી, દોઢીયા, ગાડુકા, સરમત, શાપર, વસઈ, બેડ, રસુરનગર, જીવાપર અને લાલપુર તાલુકાના પીપળી, ડેરાછીકારી અને કાનાછીકારી ગામને એલર્ટ કરાયા છે.

જામનગર શહેરને એકાંતરે પાણી વિતરણ માટે અલગ-અલગ ચાર ડેમમાંથી પાણી મળે છે. જેમાંથી મુખ્ય બે ડેમ રણજીતસાગર અને સસોઈ ડેમ ઓવરફલો થયા છે. જેના કારણે આખુ વર્ષ જામનગર શહેરને પીવાના પાણીની સમસ્યા નહી રહે. તેમજ સસોઈ ડેમમાંથી બે તાલુકાના ૧૩ ગામને નિયમિત પીવાનુ અને સિંચાઈનુ પાણી મળી રહેશે. ડેમ ઓવરફલો થયા નયનરમ્ય અને કુદરતી નજરો જોવા ડેમ પર મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવતા હોય છે.

### વેરાવળનું સોનારીયા ગામ ફેરવાયું બેટમાં

# ઘરોમાં પાણી ભરાઈ જતા ઘરવખરી પલળી ગઈ : ગ્રામજનો

## બે દિવસથી વેફર બિસ્કીટના પડીકા અને ફુટ પેકેટના આધારે ગામવાસીઓ જીવી રહ્યા છે

વેરાવળ, તા.૨૦

બે દિવસ વેરાવળ સોમનાથ ને વરસાદ ધમરોળી રહ્યો છે ત્યારે ૨૪ કલાકમાં ૨૪ ઈંચ વરસાદ પડ્યો છે. આ ગામમાં ૨૫૦૦ ની વસ્તી છે લોકો આખી રાત જાગ્યા હતા. અને માણસ ડૂબી જાય એટલું આઠથી દસ ફૂટ પાણી હતું અને બાળકો સાથે ગામવાસીઓ આખી રાત ધાબે બેઠા હતા. અને બે દિવસથી જમ્યા નથી તમામ ઘરવખતી ઘરવખરી પલળી ગઈ હતી. અને વરસાદમાં તણાઈ ગઈ હતી. બે દિવસથી વેફર બિસ્કીટના પડીકા અને ફૂટ પેકેટના આધારે ગામવાસીઓ જીવી રહ્યા છે.

આખી રાત પાંચ કલાક અગાસી પર બેઠા રહ્યા હતા. બાળકો સાથે ગોદડા ગાદલા કપડાં તમામ વસ્તુઓ પલળી ગઈ છે અને અમુક વસ્તુઓ તણાઈ પણ ગઈ છે. ત્યારે હજુ પણ ગામમાં દોઢ થી બે ફૂટ જેટલું પાણી ભરાયેલું છે. પરંતુ ગઈકાલની રાત તો એ લોકો માટે મોત સમાન હતી.ગીર સોમનાથમાં જળ તાંડવથી વેરાવળનાં સોનારીયા ગામમાં તબાહી મચી હતી. જોકે પરિવારજનોને સલામત સ્થળે ખસેડાતા જાનહાનિ ટળી હતી. ત્યારે મકાનને નુકશાન પણ પરિવાર બચ્યો હતો.આ બાબતે ગીર સોમનાથનાં ધારાસભ્ય વિમલ ચુડાસમા અસરગ્રસ્ત ગામમાં પહોંચ્યા હતા. ત્યારે વેરાવળ સોમનાથનાં ૨૦ થી વધુ ગામોમાં ભારે નુકશાન થયું છે. વધુમાં ધારાસભ્ય વિમલ ચુડાસમાએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, હિરણ-૨ ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હતા. જેનાથી જળ હોનારત સર્જાઈ છે. તેમજ જ્યારે ડેમનાં દરવાજા ખોલાયા ત્યારે અધિકારીઓ હાજર પણ ન હોવાનો ધારાસભ્ય દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારે આ ભારે જળ તાંડવમાં ભારે નુકશાન થયું છે. જે બાબતે આવતીકાલે ફરી મુખ્યમંત્રીને રજૂઆત કરીશ તેમ જણાવ્યું હતું.

### નીચાણવાળા અનેક વિસ્તારોમાં ભરાયા પાણી

# ધોરાજીમાં સતત ત્રીજા દિવસે વરસાદ વરસતા ખેડૂતોની ચિંતા વધી

## રાજકોટ મધ્યમાં ૨ ઇંચ વરસાદ તો રાજકોટ પશ્ચિમમાં ૨ ઇંચ અને રાજકોટ પૂર્વમાં એક ઇંચ વરસાદ નોંધાયો

રાજકોટ, તા.૨૦

રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ બાદ હવે શહેરના અનેક વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ ખાબક્યો છે. શહેરમાં વરસાદનું આગમન થતા નીચાણવાળા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા.

યુનિવર્સિટી રોડ પર ઘૂંટણ સમા પાણી ભરાઈ જતા વાહન ચાલકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. યુનિવર્સિટી રોડ વિસ્તારમાં ચારેય તરફ પાણી ભરાઈ ગયા છે. તેમજ ગોંડલ ચોકડી, આજીડેમ ચોકડી, હુડકો ચોકડી અને કોઠારીયા રોડ વિસ્તારમાં પણ મેઘ મહેર બાદ પાણી ભરાઈ ગયા છે. જો કે શહેરમાં ૪ દિવસના અસહ્ય બફારા બાદ વરસાદનું આગમન થતા લોકોને ગરમીથી રાહત મળી છે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. મહત્વનુ છે કે રાજકોટ શહેરમાં એક કલાકમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે.

રાજકોટ મધ્યમાં બપોરે ૧થી ૨ વાગ્યા દરમિયાન ૨ ઈંચ વરસાદ તો રાજકોટ પશ્ચિમમાં ૨ ઈંચ અને રાજકોટ પૂર્વમાં એક ઈંચ વરસાદ નોંધાયો છે. અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હોવાની પણ ઘટના બની છે.

### સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા મંદિર બનાવાઈ રહ્યું છે

# યુએઈમાં હિંદુ મંદિર તૈયાર થવાના આરે, ફેબ્રુઆરીમાં ખુલ્લું મુકાશે

## મંદિર વૈશ્વિક સદભાવનુ આધ્યાત્મિક કેન્દ્ર બનશે, ભારતની કલા, મૂલ્યો અને સંસ્કૃતિને યુએઈમાં લાવવામા મદદ મળશે

અબુધાબી, તા.૨૦

યુએઈમાં રહેતા હિન્દુ ભાવિકો માટે સ્વામીનારાયણ સંપ્રદાય બીએપીસ દ્વારા બનાવવામાં આવી રહેલુ હિન્દુ મંદિર તૈયાર થવાના આરે છે અને ફેબ્રુઆરીમાં તે ભકતો માટે ખુલ્લુ મુકાશે.

ભવ્ય મંદિરનો શાનદાર ઉદઘાટન સમારોહ થશે અને મંદિરના પ્રતિનિધિઓનુ કહેવુ છે કે, આ સમારોહ સદ્બભાવનાનો તહેવાર સાબિત થશે. બીએપીએસ દ્વારા સમયાંતરે ટ્વિટર પર મંદિર નિર્માણની તસવીરો અપલોડ કરવામાં આવતી હોય છે.

બીએપીએસનુ કહેવુ છે કે, આ મંદિર વૈશ્વિક સદભાવનુ આધ્યાત્મિક કેન્દ્ર બનશે.આ મંદિર થકી ભારતની કલા, મૂલ્યો અને સંસ્કૃતિને યુએઈમાં લાવવામા મદદ મળશે. મંદિરનુ બાંધકામ હવે અંતિમ તબક્કામાં છે. મંદિર ૨૭ એકરમાં ફેલાયેલ છે અને તેનુ ઉદઘાટન ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ કરવામા આવશે. મંદિર મેનેજમેન્ટના કહેવા પ્રમાણે ઉદઘાટન સમારોહમાં જેમને આમંત્રણ અપાયુ હશે તેવા લોકો જ હાજર રહી શકશે. ૧૫ ફેબ્રુઆરીએ મંદિરમાં એક સાર્વજનિક પ્રોગ્રામનુ આયોજન કરવામાં આવશે. ૧૮ ફેબ્રુઆરીએ તેને લોકો માટે ખુલ્લુ મુકવામાં આવશે.આ મંદિર માટે ૨૦૧૫માં યુએઈ સરકારે જમીન ફાળવી હતી. યુએઈના રાષ્ટ્રપતિ શેખ મહોમ્મદ બિન જાયદ અલ નાહયાને તે સમયે પીએમ મોદીની યુએઈની મુલાકાત દરમિયાન ભેટ સ્વરુપે મંદિર માટે જમીન ફાળવવાની જાહેરાત કરી હતી.

હાલમાં મંદિરનુ બાંધકામ એ રીતે કરવામાં આવી રહ્યુ છે કે, આગામી ૧૦૦૦ વર્ષ સુધી પણ તેને કોઈ નુકસાન નહી થાય. મંદિર નિર્માણ માટે ગુલાબી રંગના પથ્થરોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

### બ્રિજભૂષણ સિંહને કોર્ટમાંથી મળ્યા નિયમિત જામીન

# મહિલા કુસ્તીબાજોના ઉત્પીડન કેસમાં બ્રિજભૂષણ સિંહને રાહત

## મહિલા રેસલરો દ્વારા કરવામાં આવેલા જાતીય સતામણીના કેસમાં કોર્ટે ભાજપ સાંસદને જામીન આપી દીધા છે

નવી દિલ્હી, તા.૨૦

મહિલા રેસલરોના જાતીય સતામણીના મામલામાં કુશ્તી મહાસંઘના પૂર્વ અધ્યક્ષ બૃજભૂષણ શરણ સિંહને જામીન મળી ગયા છે. ભાજપ સાંસદને દિલ્હીની રાઉઝ એવેન્યૂ કોર્ટે ગુરૂવારે જામીન આપ્યા છે. કોર્ટે જામીન માટે શરત રાખી છે કે બૃજભૂષણ કોર્ટને જણાવ્યા વગર વિદેશ પ્રવાસ કરી શકશે નહીં. બૃજભૂષણના જામીનને લઈને દિલ્હી પોલીસે કર્યું કે અમે ન તો વિરોધ કરીએ છીએ ન તેના પક્ષમાં છીએ. આ પહેલા રાઉઝ એવેન્યૂ કોર્ટે સવારે સુનાવણી કરી હતી અને જામીન પર નિર્ણય સુરક્ષિત રાખી લીધો હતો. પછી કોર્ટે ૪ કલાકે કાર્યવાહી શરૂ કરી અને બૃજભૂષણને કેસમાં નિયમિત જામીન આપવાનો ચુકાદો આપ્યો છે. કોર્ટે ૧૮ જુલાઈએ બૃજભૂષણ શરણ સિંહને વચગાળાના જામીન આપ્યા હતા. હવે તેને મોટી રાહત મળતા નિયમિત જામીન મળી ગયા છે. તેમના વકીલે કહ્યુ કે બૃજભૂષણ શરણ સિંહને જ્યારે ચાર્જશીટ દાખલ કરવા સુધી ધરપકડ કરવાની જરૂર ન પતી તો પછી હવે તેની શું જરૂર છે. તેને આધાર માનતા કોર્ટે જામીન આપી દીધા છે.

બૃજભૂષણ સિવાય તેના નજીકના અને કુશ્તી મહાસંઘના પૂર્વ પદાધિકારી વિનોદ તોમરને પણ રાહત મળી છે. તેને પણ કુલ છ કેસોમાં માત્ર ૨માં સહ-આરોપી બનાવવામાં આવ્યો છે. બ્રિજભૂષણ શરણ સિંહના નિયમિત જામીનની સુનાવણી ગુરુવારે હાથ ધરવામાં આવી હતી. તેની શરૂઆત દિલ્હી પોલીસની દલીલોથી થઈ હતી. અધિક સરકારી વકીલ અતુલ શ્રીવાસ્તવે દલીલ કરી હતી કે અમે કાયદાનું ઉલ્લંઘન કરી શકીએ નહીં. પરંતુ એટલું ચોક્કસ કહેવામાં આવશે કે જો કોર્ટ આરોપીને જામીન આપે છે તો તેની સાથે શરતો પણ મુકવી પડશે. આરોપીઓ સાક્ષીઓને પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે, તેથી જ આ શરત લાદવી જરૂરી છે.

પોલીસ બાદ ફરિયાદીના વકીલ હર્ષ વોહરાએ પણ દલીલ કરી હતી કે જો કોર્ટ જામીન આપવા ઈચ્છતી હોય તો તેણે ઓછામાં ઓછી કડક શરતો લાદવી જોઈએ. આરોપી વતી રાજીવ મોહને કોર્ટને ખાતરી આપી હતી કે અમે દરેક શરત સ્વીકારવા તૈયાર છીએ.

### બુલિયન માર્કેટમાં સોના અને ચાંદીના ભાવમાં વધારો

# સોનાની કિંમત તોલાએ ૬૦ હજારની નજીક, ચાંદી ૭૫ હજાર રુપિયાને પાર

## બુલિયન માર્કેટમાં ૨૪ કેરેટ સોનાની કિંમત ૧૫૨ રૂપિયા વધીને ૫૯,૯૦૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ

નવી દિલ્હી, તા.૨૦

આજે બુલિયન માર્કેટમાં સોના અને ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો છે.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (આઈબીજેએ) ની વેબસાઈટ અનુસાર આજે બુલિયન માર્કેટમાં ૨૪ કેરેટ સોનાની કિંમત ૧૫૨ રૂપિયા વધીને ૫૯,૯૦૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે.

જયારે ૨૨ કેરેટ સોનાની કિંમત ૫૪,૮૭૬ રૂપિયા થઈ ગઈ છે અને ૧૮ કેરેટ સોનાની કિંમત ૪૪,૯૩૧ રૂપિયા પ્રતિ ગ્રામ થઈ ગઈ છે. આઈબીજેએની વેબસાઈટ અનુસાર આજે ચાંદીની કિંમતમાં મોટો વધારો જોવા મળ્યો છે. તે ૧૮૭ રૂપિયા વધીને ૭૫,૬૮૬ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગયું છે. અગાઉ બુધવારે તે ૭૫,૪૯૯ રૂપિયા પર હતું.

અત્યાર સુધી આ મહિનામાં એટલે કે જુલાઈમાં સોનામાં વધારો જોવા મળ્યો છે. આ મહિનાની શરૂઆતમાં સોનું ૫૮,૧૩૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર હતું, જે હવે ૫૯,૯૦૮ રૂપિયા પર છે. એટલે કે તેની કિંમતમાં ૧,૭૬૯ રૂપિયાનો વધારો થયો છે.

મળેલા અહેવાલો અનુસાર આગામી દિવસોમાં સોનાની કિંમતમાં ફરી વધારો જોવા મળી શકે છે. વર્ષના અંત સુધીમાં સોનું ફરી ૬૨ હજાર સુધી જઈ શકે છે.

જૂનમાં જારી કરાયેલા સોવરેન ગોલ્ડ બોન્ડ્સ (એસજીબી)ની પ્રથમ સિરીઝે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. ૫,૯૨૬ રૂપિયા પ્રતિ ગ્રામની સર્વકાલીન ઊંચી કિંમત હોવા છતાં, રેકોર્ડ ૭૭.૬૯ લાખ યુનિટ ગોલ્ડ બોન્ડ સબસ્ક્રાઈબ થયા હતા.

લોકોએ ૭.૭૭ ટન સોનામાં વર્ચ્યુઅલ રીતે રોકાણ કર્યું હતું. મૂલ્યની દ્રષ્ટિએ આ સિરીઝમાં ૪,૬૦૪ કરોડ રૂપિયાના ગોલ્ડ બોન્ડનું વેચાણ થયું હતું. અગાઉ, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની પાંચમી સિરીઝમાં ગોલ્ડ બોન્ડના મહત્તમ ૬૩.૫ લાખ યુનિટ સબસ્ક્રાઈબ થયા હતા.

### પાક. થી ભારત આવેલી સીમા હૈદરને લઈને શંકા-કુશંકા

# સીમા હૈદર પાસે બે પાસપોર્ટ, બંનેમાં જન્મ તારીખ જુદી છે

## કડક પુછપરછ અને તપાસ એજન્સીઓની સઘન તપાસ છતાં સીમા પાક. જાસૂસ હોવાના નક્કર પુરાવા ન મળ્યા

ગ્રેટર નોઈડા, તા.૨૦

પાકિસ્તાનથી ભારત આવેલી સીમા હૈદરને લઈને હવે શંકાઓ વધુ પ્રબળ બની રહી છે. ચાર બાળકો સાથે દુબઈ અને નેપાળના રસ્તે ભારતમાં આવેલી સીમા હૈદર પર પાકિસ્તાનની જાસૂસ હોવાની શંકા છે. યુપી એટીએસે સીમા હૈદર તેના બાળકો અને પ્રેમી સચિનની પૂછપરછ કરી છે. એટીએસ સિવાય અન્ય સુરક્ષા એન્જસીઓ પણ જાસૂસીવાળા એન્ગલ પર તપાસ કરી રહી છે. યુપી પોલીસે પહેલીવાર સીમા હૈદર પર જાહેરમાં નિવેદન આપ્યું છે. રાજ્યના એડીજી પ્રશાંત કુમારે જણાવ્યું કે, સીમા જાસૂસ છે કે કેમ તે અંગે હાલ કહેવું યોગ્ય નથી. આ મામલે બે દેશો વચ્ચેનો છે. જ્યાં સુધીમાં પૂરતા પુરુવા ન મળી જાય ત્યાં સુધી કંઈ પણ કહેવું મુશ્કેલ છે. કાયદાકીય રીતે તમામ કાર્યવાહી કરવામાં આવશે. સીમા હૈદર અને સચિનની કહાણી ખૂબ જ રસપ્રદ છે. કરાચીમાં રહેતી સીમા હૈદરનો દાવો છે કે, લોકડાઉન દરમિયાન પબજી રમતા રમતા ગ્રેટર નોઈડાના સચિન સાથે મુલાકાત થઈ હતી. એ પછી બંને વચ્ચે વાતચીત શરુ થઈ હતી અને પછી પ્રેમમાં પડ્યા હતા. નેપાળમાં બંને મળ્યા પણ હતા. આ મુલાકાત બાદ સીમા પાકિસ્તાન પરત ફરી હતી. એ પછી થોડા દિવસો બાદ ચાર બાળકોને લઈને નેપાળના રસ્તે ભારતમાં દાખલ થઈ હતી. એકદમ ફાંકડુ હીન્દી બોલતી સીમા હૈદરે યુપી એટીએસને પોતાની ઉંમર ૩૦ વર્ષ બતાવી હતી. પરંતુ તેણે જે ઓળખપત્ર બતાવ્યું હતું તેમાં તેની ઉંમર ૧ જાન્યુઆરી, ૨૦૦૨ છે.

સીમા હૈદર પાસેથી કથિત રીતે બે પાસપોર્ટ મળ્યા છે. બંનેમાં જન્મ તારીખ અલગ અલગ છે. એટલા માટે સીમા જાસૂસ હોવાની શંકા પણ વધી ગઈ છે. સીમા હૈદરનો ભાઈ પાકિસ્તાનની આર્મીમાં છે. જો કે, સીમા સતત કહે છે કે, તે તેના ભાઈના સંપર્કમાં નથી. જો કે, સુરક્ષા એજન્સીઓ આ દિશામાં પણ તપાસ કરી રહી છે કે, સીમાને ભારતમાં મોકલવા પાછળ તેના ભાઈ કે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીનો તો હાથ નથી ને. દાવો એવો પણ છે કે, સીમાના એક કાકા પણ પાકિસ્તાનની આર્મીમાં છે. મીડિયા સાથેની વાતચીતમાં સીમા હૈદરે કહ્યું હતું કે, ગુલામ હૈદર સાથે તેના લગ્ન બળજબરીપૂર્વક થયા હતા. પરંતુ ગુલામ હૈદરનું કહેવું છે કે, બંનેના લવ મેરેજ હતા. સોશિયલ મીડિયા પર એક એફિડેવિટ પણ વાયરલ થઈ રહી છે. જેમાં લગ્ન માટે સીમા અને ગુલામની સહમતિ છે. ભારત આવતા પહેલાં સીમા અને સચિન નેપાળમાં જે હોટલમાં રોકયા હતા ત્યાં પણ ફેક નામ આપ્યું હતું. એટલું જ નહીં સીમા અનેક ભારતીયોના સંપર્કમાં હતી. આમ તો સીમા હૈદર પાકિસ્તાનથી ગેરકાયદે રીતે ભારતમાં દાખલ થઈ હોવાથી સુરક્ષા એજન્સીઓ પણ તેને પાકિસ્તાન પાછી મોકલી શકે છે. જાસૂસ હોવાની શંકા સાબિત થાય તો સજા મલી શકે છે. સુપ્રીમ કોર્ટના એક એડવોકેટે જણાવ્યું કે, જો કોઈ ભારતમાં જાસૂસી કરતા પકડાય તો તેના પર ઓફિશિયલ સિક્રેટ એક્ટ ૧૯૨૩ હેઠળ કાર્યવાહી થઈ શકે છે.

આ કાયદાના સેક્શન ૩માં જાસૂસીમાં પકડાયેલા આરોપીને ૧૪ વર્ષ સુધીની સજા જોગવાઈ છે. પરંતુ ૧૪ વર્ષની સજા ત્યારે થાય છે કે જ્યારે જાસૂસી રક્ષા સાથે સંકળાયેલો મામલો હોય. તેના સેક્શન ૪માં કહેવાયું છે કે, જો આરોપી વિદેશના કોઈ જાસૂસ સાથે વાતચીત કરે છે તો તે જાસૂસીનો પુરાવો ગણવામાં આવશે. ઓફિશિયલ સિક્રેટ એક્ટ ૧૯૨૩ના સેકશન ૧૦માં જાસૂસને રક્ષણ પુરુ પાડનારા લોકોને પણ ત્રણ વર્ષની સજાની જોગવાઈ છે.

મણિપુરમાં મહિલાઓની નગ્ન પરેડના મુદ્દે દેશમાં આક્રોશ

# મણિપુર ઘટનાનો મુદ્દો સંસદમાં ઊઠાવવા માટે વિપક્ષો સુસજ્જ

## વિપક્ષ મોદી સરકારે ઘેરવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે કેન્દ્ર સરકાર પણ આ મુદ્દા પર સંસદમાં ચર્ચા કરવા તૈયાર

નવી દિલ્હી, તા.૨૦

મણિપુરમાં બે મહિલાઓને કપડા ઉતારીને પરેડ કરાવવાની શરમજનક ઘટના બની હતી, ત્યારે હવે વિપક્ષ આ મુદ્દાને સંસદમાં ઉઠાવવાની તૈયારી કરી રહ્યો છે. વિપક્ષે આ પહેલા પણ ઘણીવાર મણિપુર હિંસા પર પ્રધાનમંત્રી મોદીના મૌન રહેવા પર પ્રશ્નો ઉઠાવ્યા છે ત્યારે હવે નવો વીડિયો સામે આવ્યા બાદ બધા વિપક્ષ ભડક્યા છે અને કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને ટીએમસી સહિત અનેક રાજકીય પક્ષોએ આ ઘટનાની સખત નિંદા કરી છે.

આ સાથે જ સરકાર પર પણ સવાલો ઊભા કર્યા છે. મણિપુરમાં મહિલાઓ સાથે બનેલી ઘટનામાં વિપક્ષ કેન્દ્રમાં રહેલી મોદી સરકારે ઘેરવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે કેન્દ્ર સરકાર પણ આ મુદ્દા પર સંસદમાં ચર્ચા કરવા તૈયાર છે. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ પણ આ ઘટનાને સંપૂર્ણપણે અમાનવીય ગણાવી છે અને આ અંગે મુખ્યમંત્રી એન.બિરેન સિંહ સાથે વાત કરી છે. મુખ્યમંત્રીએ આશ્વાસન આપ્યું છે કે તેઓ આ મામલે કડક કાર્યવાહી કરશે અને દોષિતોને સજા અપાવશે.

કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે આ પૂર્વોત્તર રાજ્યમાં ભારતની વિચારધાર પર હુમલો થઈ રહ્યો છે ત્યારે વિરોધ પક્ષોનું ગઠબંધનૈં દ્બ્રૈંછ્ઠ ચૂપ નહીં રહે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ આ ઘટનાની નિંદા કરી છે અને કહ્યું છે કે સમાજમાં સૌથી વધુ હિંસા મહિલાઓ અને બાળકોને સહન કરવી પડે છે. તેમણે સરકારને વધુમાં સવાલ કર્યો કે મણિપુરમાં થયેલી હિંસક ઘટનાઓ પર કેન્દ્ર સરકાર, વડાપ્રધાન કેમ આંખ આડા કાન કરીને બેઠા છે? શું આવી તસવીરો અને હિંસક ઘટનાઓ તેમને પરેશાન કરતી નથી?

આ ઘટના બાદ વિપક્ષો મુખ્યમંત્રી એન બિરેન સિંહના રાજીનામાની માંગ કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મણિપુરમાં મહિલાઓ સાથેની ઘટનાથી સરકાર અને પાર્ટી બંને નારાજ છે, આ દરમિયાન મુખ્યમંત્રીનું રાજીનામું પણ માંગવામાં આવી શકે છે.

આ સિવાય સીએમ બિરેન સિંહે પણ આ ઘટનાની સખત નિંદા કરી છે અને આશ્વાસન આપ્યું છે કે આ મામલામાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ અગાઉ ૩૦ મેના રોજ મણિપુરમાં હિંસક ઘટનાઓને કારણે મુખ્યમંત્રીએ રાજીનામું આપવાની જાહેરાત કરી હતી, પરંતુ તેમના સમર્થકોએ તેમને આમ કરતા અટકાવ્યા હતા.

મહિલાઓને નગ્ન કરીને પરેડ કરાવવા મામલે કાર્યવાહી

# મહિલાઓને નગ્ન પરેડ કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરાઈ

## આ મામલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ એક્ટિવ થયા હતા અને તેમણે મણિપુરના મુખ્યમંત્રી સાથે વાતચીત કરી

નવી દિલ્હી, તા.૨૦

મણિપુરમાં બે મહિલાઓની નગ્ન પરેડ કરાવવા મામલે એક વીડિયો વાયરલ થયા બાદથી સમગ્ર દેશમાં હોબાળો થયો છે. જોકે આ મામલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ એક્ટિવ થયા હતા અને તેમણે મણિપુરના મુખ્યમંત્રી એન.બિરેન સિંહ સાથે ફોન પર વાતચીત કરી હતી.

આ મામલે મણિપુરના મુખ્યમંત્રી એન.બિરેન સિંહે કહ્યું કે વીડિયો સામે આવ્યા બાદ મણિપુરની પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી અને આ મામલે પ્રથમ અને મુખ્ય આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. હાલ આ મામલે ગાઢ તપાસ ચાલી રહી છે અને અમે એ સુનિશ્ચિત કરીશું કે તમામ ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે જેમાં મૃત્યુદંડની સંભાવના પર વિચાર કરવામાં આવે. બિરેન સિંહે કહ્યું કે ગઈકાલે રાતે આશરે ૧:૩૦ વાગ્યાના સુમારે મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી હતી.

મણિપુરમાં ગત અનેક દિવસોથી બે સમુદાયો વચ્ચે સતત હિંસા વધતી જઈ રહી છે.

સોશિયલ મીડિયા પર મણિપુરમાં થઈ રહેલી હિંસાનો એક વીડિયો વાયરલ થયા બાદ લોકોની આકરી પ્રતિક્રિયા જોવા મળી હતી.

આ વીડિયોમાં એક સમુદાયની બે મહિલાઓને બીજા પક્ષના અમુક લોકો નગ્ન કરી માર્ગો પર ફેરવી રહ્યા છે. આ વીડિયો વાયરલ થયા બાદ આખા દેશમાં રોષ ફેલાયો હતો.

મુખ્યમંત્રી એન.બિરેન સિંહે કહ્યું હતું કે આ વીડિયો જોઈને મને બહુ ખરાબ લાગ્યું. મેં આ મામલે પોલીસને તાત્કાલિક કાર્યવાહી કરવાના આદેશ આપ્યા હતા.

મણિપુરની ઘટના પર વડાપ્રધાનની પ્રતિક્રિયા

# મણિપુરની ઘટના શરમજનક, દોષિતોને નહીં છોડાય : મોદી

## ઘટનાનો વીડિયો વાયરલ કે શેર ન કરવા સરકારનો આદેશ

નવી દિલ્હી, તા.૨૦

મણિપુરમાં બે મહિલાઓને નગ્ન કરી પરેડ કરાવવાના મામલે હવે વડાપ્રધાન મોદીએ પણ પ્રતિક્રિયા આપી છે. પત્રકારોને સંબોધતાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે મણિપુરની ઘટના ખરેખર શરમજનક છે.

કોઈ દોષિતને છોડવામાં નહીં આવે. આ આખા દેશનું અપમાન થઈ રહ્યું છે. મારા હૃદયમાં ઘણો ક્રોધ અને પીડા છે. હું દેશને વિશ્વાસ અપાવું છું કે કોઈ દોષિતને બખ્શવામાં નહીં આવે.

ઉલ્લેખનીય છે કે મણિપુરમાં એક વીડિયો વાયરલ થયો છે જેને લઈને દેશભરમાં રોષની સ્થિતિ જોવા મળી રહી છે. તેમાં જોઈ શકાય છે કે કેટલાક હિંસક લોકો બે મહિલાઓને નગ્ન કરીને લઈ જઈ રહ્યા છે અને તેમના શરીર સાથે અડપલાં પણ કરી રહ્યાં છે. એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે આ બંને મહિલાઓ સાથે સામૂહિક દુષ્કર્મની ઘટનાને અંજામ અપાયો હતો. આ મામલે સરકારે આદેશ જાહેર કર્યો હતો કે મણિપુરનો આ વીડિયો વાયરલ કે શેર ન કરવામાં આવે.

પીએમ મોદીએ કહ્યું, મારું હૃદય પીડાથી ભરાઈ ગયું છે. ક્રોધથી ભરાઈ ગયું છે. મણિપુરમાં જે ઘટના સામે આવી છે તે કોઈપણ સંસ્કારી સમાજ માટે શરમજનક છે.

કોણ પાપી છે, ગુનાખોરી કરનારા કોણ છે, આ બધુ અલગ વાત છે પણ અપમાન આખા દેશનું થઈ રહ્યું છે. ૧૪૦ કરોડ દેશવાસીઓનું માથું શરમથી નમી ગયું છે. પીએમે કહ્યું, હું તમામ મુખ્યમંત્રીઓને વિનંતી કરું છું કે તેઓ તેમના રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત કરે.

ખાસ કરીને અમારી માતાઓ અને બહેનોની સલામતી માટે સખત પગલાં લો. ઘટના રાજસ્થાન, છત્તીસગઢ કે મણિપુરની હોય. આ દેશમાં, ભારતના કોઈપણ ખૂણામાં, કોઈપણ રાજ્ય સરકારમાં, રાજકારણથી ઉપર ઉઠીને, કાયદો અને વ્યવસ્થા અને મહિલા સન્માનનું મહત્વ હોવું જોઈએ. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ તમામ સાંસદો અને સંસદના બંને ગૃહોને સુચારુ રીતે ચલાવવા માટે સહયોગ કરવા અપીલ કરી હતી.

તેમણ કહ્યું કે અમે આ વખતે સંસદમાં કામના બિલો લાવીશું. જે પ્રજાના હિતોને આધારિત હશે. મારી તમામ પક્ષોને અપીલ છે કે તેઓ અમને આ બિલ પાસ કરવામાં સહયોગ કરે.

બે મહિલાને નગ્ન પરેડના મામલે સુપ્રીમ નારાજ

# મણિપુરની ઘટનામાં કડક કાર્યવાહીનો સુપ્રીમનો નિર્દેશ

ઈમ્ફાલ, તા.૨૦

મણિપુરમાં એક સમુદાયની બે મહિલાઓને કપડાં વગર નગ્ન હાલતમાં ખુલ્લેઆમ પરેડ કરાવવા બદલ દેશભરમાં ગુસ્સો વ્યાપી ગયો છે. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે પણ આ મામલે સુઓ મોટો હાથ ધરતાં મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે મણિપુરમાં ગઈકાલે બે મહિલાઓની નગ્ન પરેડ કરવામાં આવી હોવાનો જે વીડિયો સામે આવ્યો હતો તે ખરેખર હેરાન કરનારું છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઈ) ડીવાય ચંદ્રચુડે સરકારને આ મામલે કડક કાર્યવાહી કરવા કહ્યું છે. આ સિવાય ચીફ જસ્ટિસે કહ્યું કે આવી ઘટનાઓ જરાય સ્વીકાર્ય નથી. સીજેઆઈએ કહ્યું કે આ બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન છે, જો સરકાર પગલાં નહીં લે તો અમે આ મામલે કડક કાર્યવાહી કરીશું. સુપ્રીમ કોર્ટે આ મામલે કાર્યવાહી કરવાના નિર્દેશ આપતા રાજ્ય સરકાર પાસેથી રિપોર્ટ પણ મંગાવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે આવતા સપ્તાહે શુક્રવારે આ મામલે સુનાવણી થશે. આ મામલાને લઈને સીજેઆઈ ચંદ્રચુડે કહ્યું, "આ તસવીરો જોઈને અમે ચોંકી ગયા. હિંસા પ્રભાવિત વિસ્તારમાં મહિલાઓનો સામાન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. અમારે એ જાણવું છે કે જે લોકો આ માટે જવાબદાર છે તેમની સામે શું કાર્યવાહી કરવામાં આવી છે.

મણિપુરમાં સ્થિતિ બેકાબૂ

# હજારો વિસ્થાપિત, સેંકડો ઘાયલ, ૧૨૦ માર્યા ગયા, સેના તૈનાત

## નોંગપોક સેકમાઈ પોલીસ સ્ટેશનમાં અપહરણ, ગેંગરેપ અને હત્યા વગેરેનો કેસ નોંધવામાં આવ્યો છે

નવી દિલ્હી, તા.૨૦

લગભગ અઢી મહિનાથી મણિપુર હિંસાની આગમાં સળગી રહ્યું છે. બુધવારે (૧૯ જુલાઈ) હિંસાનો ૭૮મો દિવસ બની ગયો. મેઈતેઈ સમુદાય દ્વારા અનુસૂચિત જનજાતિનો દરજ્જો મેળવવાની માગણી અને ૩ મેના રોજ પહાડી જિલ્લાઓમાં આયોજિત 'આદિવાસી એકતા કૂચ' પછી શરૂ થયેલી અથડામણોની શ્રેણી હજુ અટકી નથી.

આ દરમિયાન હિંસામાં ૧૨૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. સેંકડો લોકો ઘાયલ થયા છે અને હજારો લોકો વિસ્થાપિત પણ થયા છે. સ્થિતિને કાબૂમાં લેવા માટે રાજ્યમાં સેના પણ તૈનાત કરવામાં આવી છે, પરંતુ અઢી મહિનાથી ચાલી રહેલી હિંસાની તસવીરો ચિંતાજનક છે.

હવે સોશિયલ મીડિયા પર એક શરમજનક વીડિયો વાયરલ થયો છે. નોંગપોક સેકમાઈ પોલીસ સ્ટેશનમાં અપહરણ, ગેંગરેપ અને હત્યા વગેરેનો કેસ નોંધવામાં આવ્યો છે.

સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, બુધવારે (૧૯ જુલાઈ) મણિપુરમાં નગ્ન પરેડ કરતી બે મહિલાઓનો વીડિયો સામે આવ્યા બાદ મણિપુરના પહાડી વિસ્તારમાં તણાવ ફેલાયો હતો.

૪ મેના આ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે બીજી બાજુના કેટલાક લોકો એક સમુદાયની બે મહિલાઓને નગ્ન અવસ્થામાં પરેડ કરી રહ્યા છે.

આ વીડિયો ગુરુવારે ઈન્ડિજીનસ ટ્રાઈબલ લીડર્સ ફોરમની પ્રસ્તાવિત કૂચના એક દિવસ પહેલા સામે આવ્યો છે. ITLFના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ઘૃણાસ્પદ ઘટના ૪ મેના રોજ કાંગપોકપી જિલ્લામાં બની હતી અને વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે પુરુષો સતત લાચાર મહિલાઓની છેડતી કરી રહ્યા છે અને તેઓ (મહિલાઓ) રડી રહી છે અને તેમના માટે ભીખ માંગી રહી છે.

પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. 'જઘન્ય કૃત્ય'ની નિંદા કરતા એક નિવેદનમાં, પ્રવક્તાએ માંગ કરી છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો, રાષ્ટ્રીય મહિલા આયોગ અને અનુસૂચિત જનજાતિ માટેના રાષ્ટ્રીય આયોગ ગુનાની સંજ્ઞાન લે અને ગુનેગારો સામે પગલાં લે. કુકી-જો આદિવાસીઓ ગુરુવારે ચર્ચંદપુરમાં તેમની સૂચિત વિરોધ કૂચ દરમિયાન પણ આ મુદ્દો ઉઠાવવાની યોજના બનાવી રહ્યા છે. મણિપુરમાં પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે કેન્દ્રીય મંત્રી અમિત શાહે મેના અંતમાં રાજ્યની મુલાકાત લીધી હતી અને લોકોને શાંતિ જાળવવા અપીલ કરી હતી. તે જ સમયે, વિપક્ષી પાર્ટીઓ સતત વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આ મામલે મૌન રાખવાનો આરોપ લગાવી રહી છે.

કેટલાક અગ્રણી નેતાઓના ઘર પણ હિંસાની પકડમાંથી બચ્યા નથી. ૧૫ જૂનની રાત્રે, ટોળાએ કેન્દ્રીય વિદેશ રાજ્ય મંત્રી આરકે રંજન સિંહના ઘરની તોડફોડ કરી અને આગ લગાવી દીધી. આ પહેલા ૧૪ જૂનના રોજ કેટલાક લોકોએ ઈમ્ફાલના લામફેલ વિસ્તારમાં મહિલા મંત્રી નેમચા કિપજેનના સત્તાવાર નિવાસસ્થાને પણ આગ લગાવી દીધી હતી.

કેન્દ્ર સરકારે ૨૪ જૂને મણિપુર મુદ્દે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બેઠકમાં રાજ્યમાં સરકાર દ્વારા લેવામાં આવનારા પગલાં વિશે માહિતી આપી હતી. વિપક્ષે રાજ્યના મુખ્યમંત્રી એન બિરેન સિંહને તાત્કાલિક હટાવવાની માંગ કરી હતી. કેટલાક નેતાઓએ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માંગ કરી હતી. તે જ સમયે, મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસે મણિપુરને લઈને આઠ મુદ્દાની માંગ કરી હતી, જેમાં સીએમ બિરેન સિંહને તાત્કાલિક હટાવવાની માંગ નંબર વન હતી.

SG હાઇવે અકસ્માત

# ૯ લોકોના જીવ લેનારા જેગુઆર કારચાલક તથ્ય પટેલની

## પોલીસ દ્વારા તથ્ય પટેલની કસ્ટડી મેળવવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે

અમદાવાદ, તા.૨૦

એસજી હાઈવે પર ઈસ્કોન બ્રિજ પર મધરાતે થયેલા અકસ્માત મામલે જેગુઆર કારચાલક તથ્ય પટેલની ધરપકડ કરી લેવામાં આવી છે. એસજી-૨ પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યો છે.

એસજી હાઈવે પર આવેલા ઈસ્કોન બ્રિજ પર મધરાતે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ત્યારે આ મામલે જેગુઆર કારચાલક તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલની ધરપકડ કરવામાં આવી છે. મધરાતે ઈસ્કોન બ્રિજ પર થયેલા અકસ્માતે ચર્ચાનું જોર પકડ્યું છે. ઘટનાને લઈને અનેક સવાલ ઊભા થયા છે. ત્યારે જેગુઆર કારચાલક સહિત તેના મિત્રોને પૂછપરછ માટે બોલાવ્યા છે. હાલ આ તમામનો મેડિકલ ટેસ્ટ કરવામાં આવશે.તમામ યુવક-યુવતીઓએ નશો કર્યો હતો કે નહીં તે મામલે પણ તપાસ કરવમાં આવશે અને ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, કારચાલક તથ્ય પટેલ હાલ સિમ્સ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મધરાતે સર્જાયેલા નાના અકસ્માત મામલે ઈસ્કોન બ્રિજ પર ટોળું ભેગું થયું હતું. ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવતી જેગુઆર કારે ટોળાને કચડી માર્યા હતા.

જેમાં ૯ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે અન્ય કેટલાક લોકો ઘાયલ થયા છે. ઉલ્લેખનીય છે કે, આ દુર્ઘટનામાં એક પોલીસ કોન્સ્ટેબલ અને હોમગાર્ડ જવાનનું પણ મોત નીપજ્યું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ઈસ્કોન બ્રિજ પર યુવકે ૧૮૦ની સ્પીડે જેગુઆર ગાડીને લોકોનાં ટોળા પર ચલાવી

# ઈસ્કોન બ્રિજ પર ગમખ્વાર અકસ્માતમાં ૯ લોકોના મોત

## મોડી રાત્રે અમદાવાદ શહેરના ઈસ્કોન બ્રિજ પર મહિન્દ્રા થાર અને ડમ્પર વચ્ચે અકસ્માત થયો હતો, ત્યાં ઈજાગ્રસ્તોને મદદ કરવા માટે લોકોના ટોળા જમા થઈ ગયા હતા



અમદાવાદ, તા.૨૦

અમદાવાદ શહેરમાં ઈસ્કોન બ્રિજ પાસે મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત થયો છે. જેમાં જેગુઆર કાર ચાલકે બ્રિજ પર ઉભેલા ટોળા પર ગાડી ફેરવી દીધી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ અમદાવાદના જાણિતા બિલ્ડરનો દીકરો હોવાની માહિતી મળી રહી છે. અહીં પહેલાથી જ એક અકસ્માત સર્જાયો હતો તેને જોવા માટે લોકોની ભીડ ઉમટી પડી હતી.

આ દરમિયાન પૂર ઝડપે જેગુઆર ગાડી આવી અને ૯ લોકોને કાળ બની ભરખી ગઈ હતી. બીજી બાજુ ગાડીની એરબેગ પણ ફાટી ગઈ હતી. જેથી કરીને લોકોમાં અફરા તફરી સર્જાઈ ગઈ હતી. ઈસ્કોન બ્રિજ પર કાચના ટૂકડાઓ ગાડીનો ફૂરચો બોલી ગયો છે. ૯માંથી ૨ પોલીસ કર્મીના પણ મોત થઈ ગયા છે.

વધુમાં જાણવા મળી રહ્યું છે કે આ નબીરો ૧૮૦થી વધુની સ્પીડ સાથે ગાડી ચલાવી રહ્યો હતો. મોડી રાત્રે અમદાવાદ શહેરના ઈસ્કોન બ્રિજ પર મહિન્દ્રા થાર અને ડમ્પર વચ્ચે અકસ્માત થયો હતો. ત્યાં ઈજાગ્રસ્તોને મદદ કરવા માટે લોકોના ટોળા જમા થઈ ગયા હતા. સુરેન્દ્રનગરથી અભ્યાસ માટે અમદાવાદ આવેલા ૨ વિદ્યાર્થીઓ સહિત હોમગાર્ડ અને કોન્સ્ટેબલ પણ અહીં હાજર હતા. ત્યારે મોડી રાત્રે પૂર ઝડપે ૧૮૦થી વધુની સ્પિડ પર આવી રહેલી જેગુઆર ગાડીએ અકસ્માત પાસે ઉભેલા ટોળાને ફંગોળ્યું હતું. આ ટક્કર એટલી ભયાનક હતી કે ટોળામાં ઉભેલા બધા લોકો હવામાં ફંગોળાઈ ૨૫થી ૩૦ ફૂટ દૂર પડ્યા હતા. કોઈ ફિલ્મ જેલા દ્રશ્યો સર્જાયા હોય તેવો ભયાનક માહોલ ઉભો થયો હતો.

આ જેગુઆર ગાડીએ જેવી રીતે ટોળાને ફંગોળ્યું એમાં ૨ પોલીસ અધિકારીઓ પણ સામેલ હતા. જોતજોતામાં ઘટનાસ્થળ પર જ ૬ લોકોએ પોતાોન જીવ ગુમાવી દીધો હતો. જ્યારે અન્ય ૩ લોકોને સારવાર અર્થે ખસેડાયા ત્યારે મૃત્યુ પામ્યા હતા. બીજીબાજુ આ જેગુઆર ગાડીની એરબેગ ફાટી નીકળી હતી જેમાં પોલીસ તપાસમાં જણાવ્યા પ્રમાણે અમદાવાદના જાણિતા બિલ્ડરનો પુત્ર ગાડી ચલાવી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. તેને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી કરીને તેને સારવાર માટે સીમ્સ હોસ્પિટલ ખાતે ખસેડાયો છે.

ઈસ્કોન બ્રિજ પર પહેલા જ એક અકસ્માત થયો હતો જેને જોવા માટે લોકોની ભીડ ઉમટી હતી. તેમાં ૯ લોકોને યુવકે જેગુઆર ગાડીથી કચડી નાખ્યા હતા.

જોતજોતમાં આ તમામ લોકોના મોત નીપજ્યા હતા. ઈસ્કોન બ્રિજ પર ૨ પોલીસ અધિકારીને પણ હવામાં ફંગોળ્યા હોવાથી તેમનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે બીજી બાજુ ૧૦૮ને તાત્કાલિક ફોન કરી દેવાયો હતો અને જોતજોતમાં લોકોને સોલા સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા હતા.

મણિપુરમાં બે મહિલાને નગ્ન કરીને પરેડ કરાવવા મામલે સંસદમાં ધમાલ

# વિપક્ષોના હોબાળા બાદ સંસદના બંને ગૃહની કાર્યવાહી સ્થગિત

## સત્ર શરૂ થયા બાદ વિપક્ષોએ ગંભીર ઘટના મુદ્દે વડાપ્રધાનના મૌન પર સવાલ ઊઠાવી હંગામો મચાવ્યા બાદ બંને ગૃહોની કાર્યવાહી શુક્રવાર સુધી સ્થગિત

નવી દિલ્હી, તા.૨૦

મણિપુરમાં એક સમુદાયની બે મહિલાઓને કપડાં વગર નગ્ન હાલતમાં ખુલ્લેઆમ પરેડ કરાવવા બદલ દેશભરમાં ગુસ્સો વ્યાપી ગયો છે. આ વીડિયો સામે આવ્યા બાદ સંસદમાં વિપક્ષે મણિપુર મુદ્દે વડાપ્રધાનના મૌન પર સવાલ ઉઠાવ્યા હતો.

ગૃહની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સાંસદોએ મણિપુર મુદ્દે હંગામો શરૂ કર્યો હતો. જેના કારણે લોકસભાની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. આ સાથે જ રાજ્યસભાની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. જોકે ૨ વાગ્યે કાર્યવાહી શરૂ થયા બાદ ફરી વાર હોબાળો યથાવત્ રહેતાં આવતીકાલ સુધી સંસદના બંને ગૃહો સ્થગિત કરવાની જાહેરાત કરાઈ હતી. તેની સાથે સત્તા પક્ષે મણિપુર મામલે ચર્ચા કરવાની તૈયારી પણ બતાવી હતી.

કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ મણિપુરમાં ચાલી રહેલી હિંસા પર સંસદમાં ચર્ચા માટે સ્થગિત પ્રસ્તાવની સૂચના આપી હતી. કોઈ મુદ્દા પર ધ્યાન ખેંચવા અને જાહેર હિતના મુદ્દા પર તાત્કાલિક ચર્ચા કરવા માટે સ્થગિત દરખાસ્ત ખસેડવામાં આવે છે. સ્થગિત પ્રસ્તાવ રજૂ કરવા માટે સંસદના ૫૦ સભ્યોનું સમર્થન જરૂરી છે.

આ દરમિયાન વડાપ્રધાન મોદીએ તમામ સાંસદો અને સંસદના બંને ગૃહોને સુચારુ રીતે ચલાવવા માટે સહયોગ કરવા અપીલ કરી હતી. તેમણ કહ્યું કે, અમે આ વખતે સંસદમાં કામના બિલો લાવીશું. જે પ્રજાના હિતોને આધારિત હશે. મારી તમામ પક્ષોને અપીલ છે કે તેઓ અમને આ બિલ પાસ કરવામાં સહયોગ કરે.

મણિપુરના મામલે દેશભરમાં ભારે વિરોધ

# મણિપુરની ઘટના પર બોલિવૂડ સ્ટાર્સની આકરી પ્રતિક્રિયા

## અક્ષય કુમાર, રેણુકા શહાણે, રિચા ચઢ્ઢા સહિત ઘણા બોલીવૂડ સેલેબ્સે ગુનેગારો સામે કડક કાર્યવાહીની માગ કરી

નવી દિલ્હી, તા.૨૦

મણિપુરમાં ટોળા દ્વારા બે મહિલાઓને નિર્વસ્ત્ર કરીને પરેડ કરાવવાનો વીડિયો ગઈકાલે વાઈરલ થયો હતો. આ ભયાનક ઘટનાના વીડિયોએ આખા દેશને હચમચાવી દીધો છે.

આ બર્બર ઘટનાથી રોષે ભરાયેલા લોકો સોશ્યલ મીડિયા પર ગુનેગારો સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. અક્ષય કુમાર, રેણુકા શહાણે, રિચા ચઢ્ઢા સહિત ઘણા બોલીવૂડ સેલેબ્સે પણ આ ચોંકાવનારી ઘટના પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે અને સોશ્યલ મીડિયા પર ગુનેગારો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

મણિપુરમાં બે મહિલાઓ સાથે થયેલી બર્બરતા અંગે દુઃખ વ્યક્ત કરતા અને પીડિતો માટે ન્યાયની માંગણી કરતા બોલીવૂડ એક્ટર અક્ષય કુમારે ટ્વિટર પર લખ્યું, ''મણિપુરમાં મહિલાઓ સામેની હિંસાનો વીડિયો જોયા પછી આઘાત લાગ્યો હતો અને આ ઘટનાથી ખુબ નિરાશ પણ છું. હું આશા રાખું છું કે ગુનેગારોને એટલી સખત સજા કરવામાં આવશે કે કોઈ ફરી આવું જઘન્ય કૃત્ય કરવાનું વિચારે પણ નહીં.

એક્ટ્રેસ રિચા ચઢ્ઢાએ પણ મણિપુરમાં મહિલાઓ પર કરવામાં આવતી ક્રૂરતા પર ગુસ્સો વ્યક્ત કર્યો છે. વીડિયો વિશેની તેની પોસ્ટમાં, રિચા ચઢ્ઢાએ તેને શરમજનક, ભયાનક અને અન્યાયી ગણાવી હતી.

ઉર્મિલા માતોંડકરે મણિપુરની ઘટનાનો સખત વિરોધ કર્યો, ''મણિપુરના આ વીડિયોથી આઘાત લાગ્યો છે, હું હચમચી અને ગભરાઈ ગઈ છું અને હકીકત એ છે કે આ મે મહિનામાં બન્યું હતું અને તેના પર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જેઓ સત્તાના નશામાં છે, તેવા જોકરો પર શરમ આવે છે. મીડિયા તેમના પગ ચાટી રહ્યું છે, સેલિબ્રિટીઓ જે ચૂપ છે. આપણે અહિયાં ક્યારે પહોંચી ગયા પ્રિય ભારતીયો?

અભિનેત્રી રેણુકા શહાણેએ હિંસા પર અંકુશ મેળવવામાં સરકારની નિષ્ફળતા તરફ ધ્યાન દોર્યું અને પૂછ્યું કે શું મણિપુરમાં અત્યાચાર રોકવા માટે કોઈ નથી. તેણે લખ્યું, ''શું મણિપુરમાં અત્યાચાર રોકવા માટે કોઈ નથી? જો બે મહિલાઓના એ વિક્ષેપજનક વીડિયો તમને મૂળ તરફ ન ખેંચી શક્યા હોય, તો શું તમારી જાતને માનવ કહેવું પણ યોગ્ય છે,

મણિપુરમાં ૩ મેથી ઈમ્ફાલ ઘાટીમાં કેન્દ્રિત બહુમતી મેઈતી અને પહાડીઓ પર કબજો કરી રહેલા કુકી લોકો વચ્ચે વંશીય અથડામણ થઈ રહી છે.

આ હિંસામાં અત્યાર સુધીમાં ૧૬૦થી વધુ લોકો માર્યા ગયા છે. આવી સ્થિતિમાં બે મહિલાઓના નિર્વસ્ત્ર પરેડના વીડિયોએ લોકોમાં ગુસ્સો ભર્યો છે. લોકો તેમના મનપસંદ કલાકારો અને ખેલાડીઓથી આ કટોકટી પર બોલવાની અપેક્ષા રાખતા હતા.

# સોમનાથ ટ્રસ્ટ દ્વારા પુરની પરિસ્થિતિમાં જરૂરિયાતમંદોને બિસ્કીટનું વિતરણ કરાયું

અમરેલી, તા. ૨૦

ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ધોધમાર વરસાદથી સાર્વત્રિક જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ આ કપરી પરિસ્થીતમાં લોકોની વ્હારે આવ્યું છે. વરસાદ એટલો અચાનક અને તીવ્ર રીતે આવ્યો કે કોઈપણ પૂર્વ તૈયારીનો સમય મળવા પામ્યો ના હોય છતાં લોકો ભૂખ્યા ન રહે તેના માટે ટ્રસ્ટ દ્વારા બિસ્કિટ અને આરએસએસના સ્વયંસેવકો દ્વારા બનેલ પુલાવનું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે.



દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની અધ્યક્ષમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ વાત્સલ્યમયી અભિગમ સાથે કાર્ય કરી કપરી પરિસ્થિતિમાં લોકોને મદદ કરવામાં હંમેશા અગ્રેસર રહયું છે. ત્યારે ગીર સોમનાથ જિલ્લામાં પડેલ પુષ્કળ વરસાદે સર્જેલી તારાજીને કારણે જેઓનું જીવન પ્રભાવિત થયું છે.

તેવા તમામ જરૂરિયાતમંદ લોકો માટે યુધ્ધના ધોરણે હારની વ્યવસ્થાને પ્રાથમિકતા આપવા ટ્રસ્ટના સચિવ યોગેન્દ્રભાઈ દેસાઇ દ્વારા મળેલ માર્ગદર્શન અંતગૃત શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા મોટા જથ્થામાં બિસ્કીટ અને આરએસએસ સ્વયંસેવકો દ્વારા તૈયાર કરાયેલ પુલાવ પોતાના વાહનોમાં ભરી સ્વયંસેવકો સાથે સમગ્ર વેરાવળ શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં જ્યાં પાણી ભરાયા હતા ત્યાં સુધી પહોંચી વિતરણ શરૂ કર્યુ છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી જનરલ મેનેજ વિજયસિંહ ચાવડા સહિત ટ્રસ્ટ પરિવાર દ્વારા જરૂરિયાતમંદો સુધી પહોંચીને વિતરણ કરવામાં આવ્યું હતુ તેમજ કોઈપણ સંજોગોમાં શ્રી સોમનાથ મહાદેવનો આશીર્વાદ અને શ્રી સોમનાથ ટ્રસ્ટનો સહકાર લોકોની સાથે છે તે આશ્વાસન આપવામાં આવ્યું હતુ.

આ સાથે જ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા બુદી અને ગાંઠીયાનું પણ મોટી માત્રામાં નિર્માણ શરૂ કરી દેવામાં આવ્યું છે. જે પણ જરૂરિયાતમંદોને વિતરણ કરવામાં આવનાર છે. આ કપરી પરિસ્થિતિમાં લોકોને મદદ કરવા શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્રરા બનતી તમામ સહાયતા કરવા માટે કટિબધ્ધતા વ્યકત કરવામાં આવી છે.

## પાના ૮ ઉપરનું ચાલું મણિપુરની ઘટનાને લઈને

સમગ્ર દેશ ચિંતામાં છે પણ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર આ અંગે તદન ઉદાસીન છે. તાજેતરમાં જ એક વિડીયો વાઈરલ થઈ રહ્યો છે. જેમાં કેટલાંક રાક્ષસો બે મહિલાઓ સાથે એવા કૃત્યો કરી રહ્યા છે જેવા કોઈ હિંસક પશુ પણ ન કરે. આ દાનવોને માનવ ગણવા એ પણ માનવતાનું અપમાન છે.

આ નિર્લજજ શખ્સોએ મહિલાઓને નિર્વસ્ત્ર કરીને જાહેરમાં એનું સરઘસ કાઢી રહ્યા છે અને એ અબળાઓ સાથે જાહેરમાં છેડછાડ પણ કરી રહ્યા છે. સરઘસ કાઢવાથી શાંતિ ન મળી હોય એમ સરઘસના અંતે આ મહિલાઓ ઉપર સામૂહિક બળાત્કાર પણ ગુજારવામાં આવ્યો અને હવે એ મહિલાઓના નિર્વસ્ત્ર વિડીયો પણ વાઈરલ કરવામાં આવ્યા. સભ્ય સમાજમાં આવા કૃત્યો અને આવા દાનવો માટે કોઈ સ્થાન કયારેય ન હોઈ શકે.

દેશનાં સર્વોચ્ચ પદ ઉપર એક મહિલા બિરાજમાન હોય અને એ છતાંય દેશના એક ભાગમાં મહિલાઓ સાથે આ કક્ષાનું નિકૃષ્ટ કૃત્ય કરવાનું કોઈ વિચારી પણ કેવી રીતે શકે ? માટે દેશના તમામ નાગરિકો વતી વિનંતી છે કે આ ઘટનામાં કડકમાં કડક પગલા લઈને એક દાખલો બેસાડવામાં આવે અને મણિપુરને શાંતિ–સુરક્ષા આપવામાં નિષ્ફળ ગયેલા મણિપુરના મુખ્યમંત્રીને તથા કેન્દ્રની મોદી સરકારને તાત્કાલિક પદભ્રષ્ટ કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું લીલીયાનાં ગુંદરણ ગામ નજીક

જવાની ઘટના ઘટતા ધારાસભ્યએ કલેકટર, પ્રાંત કલેકટર, મામલતદાર, ટી.ડી.ઓ. સહિત ભાજપના પદાધિકારીઓને ઘટના સ્થળે તાબડતોબ મોકલ્યા હતા.

જાણવા મળતી માહિતી પ્રમાણે લીલીયાના ઢાંગલા ગામે રહીને પોસ્ટમાં સર્વિસ કરતી શેફાલી મહેશભાઈ વસાવા અને સાકિયા વસાવા નામની યુવતી આજે પાંચતલાવડા ખાતે પોસ્ટનો થેલો લેવા જતી વેળાએ લીલીયાના ગુંદરણ ગામની નજીક આવેલા કોઝવે જેવા ખેતરાઉ પાણીનો પ્રવાહ વહેતો હતો ત્યારે બંને બહેનો ત્યાં ઊભી રહી ગયેલ પણ અચાનક પાણીનો પ્રવાહ જોશથી આવતા બન્ને બહેનો પાણીના પ્રવાહમાં બાઈક સાથે તણાઈ ગયેલી હતી ને રાડારાડ, દેકારો કરતા શેફાલી વસાવાને બાજુમાં ખેતી કરતા ખેત મજૂર સવાભાઈએ જીવના જોખમે બચાવી લીધી હતી. પણ કરમની કઠણાઈ કે સાફિયા વસાવા (ઉં.વ. ૨૩) ને બચાવવામાં સફળતા ન મળતા પાણીના પ્રવાહમાં સાફીયા વસાવા બાઈક સાથે તણાઈ ગઈ હતી. બે યુવતીઓ તણાઈ જવાની ઘટના લીલીયા પંથકમાં ઘટતા ધારાસભ્ય મહેશ કસવાળાએ તાકીદે કલેકટર અમરેલી, પ્રાંત કલેકટર સાવરકુંડલા, લીલિયા મામલતદાર અને ટી.ડી.ઓ. અને લીલીયા પોલીસને જાણ કરીને તાકીદે ઘટના સ્થળે પહોંચીને ઘટતી કાર્યવાહી કરવાની સુચના ધારાસભ્ય કસવાળાએ આપી હતી. લીલીયા હોમગાર્ડની આપદા ટીમ ત્વરિત ઘટના સ્થળે પહોંચી હતી ને જરૂરી સેવાઓમાં નેતાઓ કામે વળગ્યા હતા. ત્યારે સ્થાનિકોની એક દોઢ કલાકની જહેમત બાદ સાફીયા વસાવાની લાશ એક દોઢ કિલમીટર દૂર મળી આવી હતી ને યુવતીના મોતથી વસાવા પરિવારમાં શોકની લાગણીઓ છવાઈ ગઈ હતી.

### મૃતકોના પરિવારજનોને ૪ લાખ અને ઇજાગ્રસ્તોને ૫૦,૦૦૦ ની સહાય

# ઇસ્કોન બ્રિજ અકસ્માત પર ભૂપેન્દ્ર પટેલે દુઃખ વ્યક્ત કર્યું

### ઇસ્કોન બ્રિજ પર મોડી રાત્રે થાર અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેને જોવા માટે લોકો ભેગા થયા હતા

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ ઈસ્કોન બ્રિજ પાસે મોડી રાત્રે ભયાનક અકસ્માત સર્જાયો હતો. મળતી જાણકારી અનુસાર, આ અકસ્માતમાં નવ લોકોના કરુણ મોત થયા હતા. આ અકસ્માતમાં એક કોન્સ્ટેબલ અને એક હોમ ગાર્ડનું પણ મોત થયું હતું. જ્યારે ૧૫થી ૨૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ અકસ્માત પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુ:ખ વ્યક્ત કર્યું હતું અને મૃતકોના પરિવારજનો અને ઈજાગ્રસ્તોને આર્થિક સહાયની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વિટ કરી જણાવ્યું હતું કે અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર ગત રાત્રે થયેલ અકસ્માત ખૂબ દુ:ખદ છે. અકસ્માતમાં જીવ ગુમાવનાર મૃતકોના પરિવારજનો પ્રત્યે આત્મીય સંવેદના વ્યક્ત કરું છું. ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી ઈશ્વરને પ્રાર્થના. રાજ્ય સરકાર મૃતકોના પરિવારજનોને રૂ. ૪ લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ ની સહાય કરશે. નોંધનીય છે કે ઈસ્કોન બ્રિજ પર મોડી રાત્રે થાર અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેને જોવા માટે લોકો ભેગા થયા હતા. તે દરમિયાન જગુઆર કારે લોકોને કચડી નાખ્યા હતા. જગુઆર કાર ચલાવનાર કારચાલકની ઓળખ તથ્ય પટેલ તરીકે થઈ છે. નબીરા તથ્ય પટેલને બચાવવા માટે તેના પરિવારોએ નાટક શરૂ કર્યું હતું સારવાર આપવાના બહાને તથ્યને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. તથ્યનો બાપ પ્રજ્ઞેશ પટેલ અનેક કેસનો ગુનેગાર છે. તથ્યના પરિવારજનોએ રાત્રે જ નાટક કર્યા હતા. નબીરાનો બાપ જમીન કૌભાંડનો પણ આરોપી છે. આ અકસ્માતમાં મોતને ભેટેલા મોટાભાગના લોકો બોટાદ અને સુરેન્દ્રનગર જિલ્લાના હતા. મોટાભાગના મૃતકો પીજીમાં રહેતા હતા. વાસ્તવમાં કાર-ડમ્પરનો અકસ્માત જોવા ટોળુ એકઠુ થયું હતુ. અકસ્માત સર્જનાર જગુઆર કાર ચાલકનું નામ તથ્ય પટેલ હોવાનો ખુલાસો થયો હતો. મૃતકોની ઓળખ નિરવ – ચાંદલોડિયા, અક્ષય ચાવડા – બોટાદ, રોનક વિહલપરા – બોટાદ, ધર્મેન્દ્ર સિંહ (પોલીસ કોન્સ્ટેબલ), કૃણાલ કોડિયા – બોટાદ, અમન કચ્છી –સુરેન્દ્રનગર, અરમાન વઢવાનિયા – સુરેન્દ્રનગર તરીકે થઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે જગુઆર કારમાં બે યુવકો અને એક યુવતી પણ હતા. જેઓને પણ ઈજા પહોચી હતી. અકસ્માત બાદ ટોળાએ જગુઆર કારને પાઠ ભણાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કેટલાક લોકો તેને બચાવીને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યારે કારમાં બેઠેલી યુવતી અચાનક ગાયબ થઈ ગઈ હતી.

### ક્લાસ વન ઓફિસર્સ માટે મોટા અને મહત્વના સમાચાર

# વિદેશમાં જઈને કરી શકશે અભ્યાસ, સરકાર નીતિ બનાવશે

### આ નીતિ બન્યા બાદ તમામ કેડરના ક્લાસ વન અધિકારી વિદેશ જઈને અભ્યાસ કરવા માટે પાત્ર બનશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સરકાર એવી નીતિ રજૂ કરી શકે છે, જેનાથી તમામ કેડરના ક્લાસ વન અધિકારીને વિદેશ જઈને અભ્યાસ કરવાની તક મળી શકે છે. અધિકારીઓને વિવિધ સ્કીલ્સ હેઠળ તૈયાર કરીને તંત્રને સારુ બનાવવાના હેતુથી આ પગલાં પર સરકાર વિચાર કરી રહી છે. તાજેતરમાં યોજાયેલી ચિંતનમાં આ મુદ્દે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાત સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં ભારત સરકાર ઓફિસર્સને વિદેશ અભ્યાસ કરવા માટે મોકલવા માટે પસંદગી કરતી હતી. સરકાર જો આવા પ્રકારની નીતિની જાહેરાત કરે છે તો તમામ કેડરના ક્લાસ વન ઓફિસર્સને વિદેશમાં જઈને વિવિધ યુનિવર્સિટીમાં પબ્લિક એડમિનીસ્ટ્રેશન સંબંધિત અભ્યાસ કરવા માટે પાત્ર બનશે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ અધિકારી કોઈ પણ કેડરના હોય પણ જો સરકાર દ્વારા તેમના નામની ભલામણ કરવામાં આવે તો તે સ્ટડી માટે પાત્ર બનશે. સૂત્રોના જણાવ્યા મુજબ, જો આ નીતિ લાગુ કરવામાં આવશે તો Class 1 IAS, IPS, IRS, IFS, GAS, GPS અને અન્ય કેડરના ઓફિસર્સ જેમ કે સચિવાલય, એન્જિનિયરિંગ, ઈરિગેશન, કોઓપરેટિવ અને અન્ય સહિતના વિભાગને પણ લાગુ પડશે. જો કે, આ નીતિ પર હજુ ઝીણવટપૂર્વક કામ કરવામાં આવી રહ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર જે તે ઓફિસરનો વિદેશમાં રહેવાનો અને શૈક્ષણિક ખર્ચો ઉપાડશે. આ સિવાય વિદેશમાં રહીને અભ્યાસ કરતા આવા ઓફિસર્સને પેઈડ લીવ પણ મળે એવી શક્યતાઓ છે, એવું સૂત્રોએ જણાવ્યું હતું. જેથી રાજ્ય સરકાર હવે આ હેતુને પાર પાડવા માટે સમર્પિત ભંડોળ સ્થાપે એવી શક્યતા છે. એ પછી જે પણ વિભાગ જે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં વિદેશ અભ્યાસ માટે ભલામણ કરે તો તેમને ભંડોળ પુરુ પાડવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા આ મુદ્દે કોર્પસ ફંડ પણ બનાવવામાં

## પાના ૮ ઉપરનું ચાલું જેસર માર્ગ પરથી

પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે સાવરકુંડલાના જેસર રોડ, ગૌશાળા પાસેથી આરોપી અજય ઉર્ફે બાલો ધિરૂભાઈ ટાણેચા, ધંધો. હિરા ઘસવાનો રહે. સાવરકુંડલાવાળા ઈસમને ૯૦ એમ.એલ.ની રિંગપેક ભારતીય બનાવટની પ્લાસ્ટિકની બોટલો નંગ–૧૦૦ કિંમત રૂા. ૭૫૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર આરોપી વિરૂધ્ધમાં સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. માં પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું દામનગરનાં ખોડિયારનગરમાં

બીમાર કે પ્રસૂતા મહિલા કે મૃત્યુના પ્રસંગોએ સ્મશાન યાત્રાની અવરજવર કયાં રસ્તે કરવી ? શાસકોને શરમ આવવી જોઈ આવી લાચારી ભોગવતા વિસ્તાર માટે રસ્તો આપવામાં નવા નવા ડીંડક ઉભા કરી રસ્તો ન આપવાની ભૂંડી ભૂમિકાથી પર રહી ખોડિયારનગર અને ખેડૂતોને કાયમો રસ્તો આપો વિકાસ વિકાસની આંધળી દોટમાં સ્થાનિક શાસકો માનવતા દર્શાવે. ખોડીયારનગર અને ખેડૂતોને કાયમી રસ્તો આપે તે જરૂરી વિકાસ નથી જોતો પ્રાથમિક સુવિધા અવર જવર માટે રસ્તો આપો.

## પાના ૧ ઉપરનું ચાલું મણિપુરમાં બે મહિલાને નિર્વસ્ત્ર

સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ મામલે આમ આદમી પાર્ટીનું નિવેદન પણ સામે આવ્યું છે. AAPના સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું, 'મણિપુરમાં બનેલી ઘટના અત્યંત શરમજનક અને નિંદનીય છે. ભારતીય સમાજમાં આ પ્રકારના જઘન્ય કૃત્યને સહન કરી શકાય નહીં. મણિપુરમાં સ્થિતિ ઘણી ચિંતાજનક બની રહી છે. હું વડાપ્રધાનને મણિપુરની સ્થિતિ પર ધ્યાન આપવાની અપીલ કરું છું. મહેરબાની કરીને આ ઘટનાના વિડિયોમાં દેખાતા ગુનેગારો સામે કડક કાર્યવાહી કરો. ભારતમાં આવા ગુનાહિત પ્રકૃતિના લોકોને કોઈ સ્થાન ન હોવું જોઈએ. આમ આદમી પાર્ટીએ પોતાના નિવેદનમાં કહ્યું, 'અમને એક વાયરલ વીડિયો વિશે માહિતી મળી છે જે કથિત રીતે મણિપુરથી કહેવામાં આવી રહી છે. અહીં બે મહિલાઓને નગ્ન કરીને પરેડ કરવામાં આવી હતી અને યૌન શોષણ કરવામાં આવ્યું હતું. અમને જાણવા મળ્યું છે કે આ વીડિયો કાંગપોકપી જિલ્લાના બી ફાનોમ ગામનો છે જ્યાં આખા ગામને આગ લગાવીને મહિલાઓ પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, આમ આદમી પાર્ટી આ ભયાનક ઘટનાની નિંદા કરે છે. પાર્ટી તમામ નાગરિકોને વિનંતી કરે છે કે અસહાય મહિલાઓના અપમાનનો બર્બર વીડિયો શેર કર્યા વિના આ દુષ્ટ કૃત્ય સામે અવાજ ઉઠાવે. AAPએ આગળ લખ્યું, 'રાજ્ય અને કેન્દ્ર સરકારની નિષ્ક્રિયતા પીડાદાયક છે. અમે ફરીથી વડાપ્રધાનને મણિપુર મામલે હસ્તક્ષેપ કરવા વિનંતી કરીએ છીએ. આ વીડિયો ગુરુવારે 'ઇન્ડિજીનસ ટ્રાઇબલ લીડર્સ ફોરમની પ્રસ્તાવિત કૂચના એક દિવસ પહેલા સામે આવ્યો છે. ITLF દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, આ ઘટના ૪ મેના રોજ ઈમ્ફાલથી લગભગ ૩૫ કિલોમીટર દૂર કાંગપોકપી જિલ્લામાં બની હતી. ITLFના પ્રવકતાના જણાવ્યા અનુસાર, વીડિયોમાં જોવા મળે છે કે પુરુષો સતત લાચાર મહિલાઓની છેડતી કરી રહ્યા છે અને મહિલાઓ રડી રહી છે અને તેમની સાથે આજીજી કરી રહી છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે આ ઘૃણાસ્પદ કૃત્યની નિંદા કરતા એક નિવેદનમાં પ્રવક્તાએ કેન્દ્ર અને રાજ્ય સરકારો, રાષ્ટ્રીય મહિલા આયોગ અને અનુસૂચિત જનજાતિ માટેના રાષ્ટ્રીય આયોગે ગુનાની સંજ્ઞાન લે અને ગુનેગારો સામે પગલાં લેવાની માંગ કરી. કુકી-જો આદિવાસીઓ ગુરુવારે ચર્ચંદપુરમાં તેમની સૂચિત વિરોધ કૂચ દરમિયાન પણ આ મુદ્દો ઉઠાવવાની યોજના બનાવી રહ્યા છે. મણિપુરમાં અનુસૂચિત જનજાતિના દરજ્જાની મેઈતેઈ સમુદાયની માંગના વિરોધમાં ૩ મેના રોજ પહાડી જિલ્લાઓમાં 'આદિવાસી એકતા કૂચ'નું આયોજન કરવામાં આવ્યું તે પછી અથડામણો શરૂ થઈ. ત્યારથી અત્યાર સુધીમાં ૧૬૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે.

### જેગુઆર કારનું રજિસ્ટ્રેશન અન્ય વ્યક્તિના નામે હોવાનું સામે આવ્યું

# જેગુઆર કાર અકસ્માત મામલે વધુ એક મોટો ખુલાસોઃ ૪૦૦ કરોડની ઠગાઇનું કનેક્શન ખૂલ્યું

### અમદાવાદમાં હિંમાશુ વરિયા વિરુદ્ધ તપાસ શરૂ છે : વરિયા એન્જિનિયરિંગે ૪૫૨ કરોડની ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધાઈ છે

અમદાવાદ, તા.૨૦

ઈસ્કોન બ્રિજ પર જેગુઆર કારને લઈને વધુ એક ખુલાસો થયો છે. જેગુઆર કારનું રજિસ્ટ્રેશન અન્ય વ્યક્તિના નામે હોવાનું સામે આવ્યું છે. તથ્ય પટેલ જે કાર ચલાવતો હતો તે કાર ક્રિશ વરિયા નામની વ્યક્તિના નામે રજિસ્ટર છે. ક્રિશ વરિયાના પિતા હિમાંશુ વરિયા સામે ૪૦૦ કરોડની ઠગાઈની CBI તપાસ થઈ છે. આ સમગ્ર અકસ્માતમાં ગુનાહિત ટોળકી સંડોવાયેલી છે.

જેગુઆર કાર Gj01wk0093 RTOમાં રજિસ્ટ્રેશન ક્રિશ વરિયાના નામે હોવાનું બહાર આવ્યું છે. ક્રિશ વરિયાના પિતા હિમાંશુ વરિયા છે અને હિમાંશુ વરિયા સામે પણ CBIએ તપાસ કરી છે. હિમાંશુ વરિયા સામે ૪૦૦ કરોડની CBI તપાસ કરી છે. કરોડોની ઠગાઈ મામલે CBI એ ૯ સ્થળે દરોડા પાડ્યા હતા. કરોડો રુપિયાની ઠગાઈના કેસમાં હિમાંશુ વરિયા સામે તપાસ કરાઈ હોવાનું બહાર આવતાં પોલીસ પણ ચોંકી ઉઠી છે.

CBIની એક ટીમ ઘણા દિવસોથી અમદાવાદમાં હિમાશુ વરિયા વિરુદ્ધ તપાસ કરી રહી છે. વરિયા એન્જિનિયરિંગે ૪૫૨ કરોડની ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધાઈ છે. વરિયાના સંચાલકોએ ૨૦૧૩થી ૨૦૧૭ દરમિયાન આ ઠગાઈ આચરી હતી. જ્યારે મેસર્સ ગોપાલા પોલિપ્લાસ્ટ પ્રાઈવેટ લિમિટેડે ૭૨.૫૫ કરોડની ઠગાઈ કરી છે. મેસર્સ ગોપાલા પોલિપ્લાસ્ટના સંચાલકોએ ૨૦૧૭થી ૨૦૧૯ દરમિયાન ઠગાઈ આચરી હતી. બન્ને કંપની પર CBI માં અલગ અલગ ગુના નોંધાયા છે.

ક્રિશ વરિયાના પિતા હિમાશુ વરિયા અને તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલ ધંધામાં ભાગીદાર છે. હિમાંશુ વરિયાએ બેંકમાંથી ક્રેડિટ, ઓવરડ્રાફ્ટ લઈને ઉચાપત કરી હોવાની ફરિયાદ થઈ હતી. આ મામલે સીબીઆઈ તપાસ કરી રહી છે. તેમણે વિવિધ બેંકો સાથે ૪૦૦ કરોડથી વધુ રકમની છેતરપિંડી આચરી હોવાનો આક્ષેપ છે. તેણે સરકારી કર્મચારીઓની મદદથી દસ્તાવેજોમાં છેડછાડ કરી ઠગાઈ આચરી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં સવારથી બપોર સુધીમાં

પંપ સુધી વરસાદી પાણી ઘુસી જતાં વાહન ચાલકો પારાવાર પરેશાની મુશ્કેલીમાં મુકાયા હતાં.

અમરેલી શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં મેઘ મહેરથી અમરેલીના પાદરમાં આવેલ ઠેબી ડેમ ભરાયો જેને લઈ ઠેબી ડેમના ૩ દરવાજા ૧–૧ ફૂટ ખોલવામાં આવ્યા હતાં. હાલમાં ઠેબી ડેમ ૧૨૪.૫૦ મીટર ભરાયો છે ત્યારે નિર્ધારીત લેવલ જાળવી રાખવા ૩ દરવાજા ૧–૧ ફૂટ ખોલવામાં આવ્યા હતાં.

બગસરાપંથકમાં ધીમીધારે મેઘ સવારી શરૂ થતાં બગસરાનો મુંજયાસર ડેમ ફરીથી વરસાદનાં પાણીથી ચિક્કાર ભરાયો. બગસરાનો મૂંજીયાસર ડેમ ઓવર ફલો થતાં નીચાણવાળા ૧૦ ગામ જેવા કે બગસરા, જામકા, સનાલિયા, જેઠીયાવદર, શીલાણા ગામોને તથા અમરેલી તાલુકાના બાબાપુર, મોટા માંડવડા, ટીંબલા, ગાવડકા અને પાણીયા ગામોને તંત્ર દ્વારા એલર્ટ કરાયા હતાં.

લીલીયા શહેર/તાલુકાનાં અનેક ગામોમાં આજે ધોધમાર વરસાદ પડયો હતો. ઉપરાંત લીલીયાના જાત્રુડા, સલડી, ગોઢાવદરમાં ધોધમાર વરસાદ પડતાં લીલીયાની નાવલી નદી બે કાંઠે વ્હેતી થઈ હતી. આ લીલીયાની નાવલી નદીમાં એક યુવક ગેસનો બાટલો લઈને નાવલી નદી ઓળંગતી વેળાએ યુવક ગેસના બાટલા સાથે તણાયો હતો. નાવલી નદીના પ્રવાહમાં યુવક તણાતો વિડીયો વાયરલ થયો હતો. જો કે યુવક આગળ જતાં કિનારે પહોંચી જતાં બચી ગયો.

લીલીયાનું સૌથી મોટું તળાવ ચિક્કાર ભરાયું હતું. લીલીયાના સલડીનું તળાવ પાણીથી છલકાયું હતું. તળાવ ઓવરફલો થતા સલડીથી દુધાળા જવાનો માર્ગ થયો બંધ થયો હતો અને કોઝવેના તળાવના વ્હેણમાં ગાય તણાઈ ગઈ હતી.

બાબરા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ વ્યાપક વરસાદ વરસ્યો હતો. ગઈકાલ રાતથી બાબરા સીમ વિસ્તારોમાં વરસાદ વરસતા નિલવડા રોડના મેલડી માતાજીના તળાવમાં ભરાયું હતું.

રાજુલા–જાફરાબાદ કોસ્ટલ બેલ્ટમાં વહેલી સવારથી ધીમીધારે વરસાદ પડયો હતો. સતત ત્રણ કલાકથી ધીમીધારે વરસાદ ઉપરાંત રાજુલાના હિંડોરણા, છતડિયા, કડિયાળી સહિતના ગામોમાં વરસાદ પડયો હતો. જયારે જાફરાબાદના બાબરકોટ, નાગેશ્રી, ટીંબી સહિતના ગામડાઓમાં વરસાદ પડયો હતો.

આજે સવારે ૬ કલાકથી રાત્રીનાં ૮ વાગ્યા સુધીમાં અમરેલીમાં ૮૧ મીમી, ખાંભામાં ૧૧ મીમી, જાફરાબાદમાં ૧૩ મીમી, ધારીમાં ૯ મીમી, બગસરાાં ૧૦ મીમી, બાબરામાં ૨૫ મીમી, રાજુલામાં ૩૦ મીમી, લાઠીમાં ૫૬ મીમી, લીલીયામાં ૨૮ મીમી, વડીયામાં ૩૬ મીમી તથા સાવરકુંડલામાં ૧૩ મીમી વરસાદ નોંધાયો છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૬૫ | ૧૮૨૧ |
| ૩ | શિંગદાણા | ૧૭૦૦ | ૨૩૦૦ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૪૨૫ | ૧૮૫૦ |
| ૫ | તલ સફેદ | ૨૫૫૭ | ૩૪૮૧ |
| ૬ | તલ કાળા | ૨૯૩૦ | ૩૩૩૨ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૪૨૮ | ૩૪૨૮ |
| ૮ | બાજરો | ૪૧૧ | ૪૨૬ |
| ૯ | જુવાર | ૫૧૫ | ૬૧૭ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૬ | ૫૦૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૨ | ૫૦૯ |
| ૧૨ | મગ | ૧૫૨૩ | ૧૬૫૬ |
| ૧૩ | ચણા | ૭૦૫ | ૧૦૦૨ |
| ૧૪ | ચણા દેશી | ૯૦૨ | ૯૦૨ |
| ૧૫ | તુવેર | ૮૦૦ | ૧૪૦૧ |
| ૧૬ | કપાસ | ૯૦૦ | ૧૪૩૯ |
| ૧૭ | એરંડા | ૯૫૦ | ૧૧૨૨ |
| ૧૮ | જીરૂ | ૭૦૦૦ | ૧૧૧૧૧ |
| ૧૯ | ધાણા | ૧૧૧૦ | ૧૩૯૯ |
| ૨૦ | સોયાબીન | ૭૫૦ | ૯૩૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૬ | ૧૪૫૪ |
| ૨ | મગફળી | ૧૨૨૦ | ૧૫૪૦ |
| ૩ | ઘઉં | ૪૧૫ | ૪૭૫ |
| ૪ | ચણા | ૯૦૮ | ૯૪૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | – | ૧૪૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૫૮૧ |
| ૩ | શીંગદાણા | – | ૧૯૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૯૫૦ | ૩૪૪૨ |
| ૫ | જીરૂ | – | ૧૧૧૦૦ |
| ૬ | કપાસ | ૧૨૦૧ | ૧૪૩૩ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૮ | ૪૭૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૩ | ૪૮૦ |
| ૯ | બાજરો | ૪૩૫ | ૪૪૫ |
| ૧૦ | મકાઈ | ૪૬૧ | – |
| ૧૧ | મગ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૯૬૧ |
| ૧૩ | તુવેર | ૧૪૦૦ | – |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૨૦૦ | ૩૪૨૫ |
| ૨ | તલ કાળા | ૩૦૨૧ | ૩૧૫૧ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૪૧૬ |
| ૪ | બાજરો | ૪૧૧ | ૫૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૨ |
| ૬ | ચણા | ૮૦૦ | ૯૦૦ |
| ૭ | સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૩૮૦ |
| ૨ | ચણા | ૮૦૦ | ૯૨૬ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૨ | ૪૬૦ |
| ૪ | સોયા | ૮૬૫ | ૯૦૦ |
| ૫ | મગફળી | ૧૩૧૫ | ૧૪૫૧ |
| ૬ | તલ કાળા | ૨૬૨૦ | ૨૬૨૦ |
| ૭ | લસણ | ૧૨૦૦ | ૧૩૪૦ |
| ૮ | ધાણા | ૧૧૬૫ | ૧૨૯૦ |
| ૯ | તલ સફેદ | ૩૧૫૦ | ૩૩૦૩ |
| ૧૦ | બાજરો | ૪૩૦ | ૪૩૦ |
| ૧૧ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |


શૈક્ષણિક સંસ્થામાં સ્ટાફ જોઇએ છે

પ્રાથમિક વિભાગ : ENGLISH વિષય માટે B.A./M.A.+PTC/B.ed

અનુભવી અને લાયક ઉમેદવારની પ્રથમ પસંદગી ફુલ ટાઇમ સમર્પિત અને ડાયનેમિક ફેકલ્ટીની જરૂર છે.

■ આકર્ષક પગાર ધોરણ ■ ઈ.પી.એફ. ફંડ સુવિધા ■ રહેવા-જમવાની સુવિધા

ઉપરોકત અરજી શાળાએ રૂબરૂ અથવા ઈ-મેઈલ અથવા વોટ્સએપ મારફત PDF મોકલવી.

vidyasabhasankul@gmail.com/94262 35335

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત

અમરેલી જિલ્લા વિદ્યાસભા સ્કૂલ-હોસ્ટેલ

લાઠી રોડ, અમરેલી. ફોન નં. ૯૪૨૬૨ ૩૫૩૩૫ www.vidyasabha.com

### સ્થાનિક પોલીસે જેસીબીની મદદથી સફાઈ કરાવી

# ઉના : દેલવાડા ગામની મચ્છુન્દ્રી નદી કાંઠેથી કચરાનો નિકાલ કરવામાં આવ્યો

## ઠેર-ઠેર ગંદકીથી રોગચાળાનો ખતરો

ઉના, તા.૨૦

ઉનાનાં દેલવાડા ગામે મચ્છુન્દ્રી નદીનાં કાંઠે સફાઈ બાબતે પંચાયત દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં નહી આવતા ધન કચરાનાં ઢગ ખડકાઈ ગયા હોય ત્યારે નદી કાંઠે છેલ્લા ઘણા સમયથી કચરો એકઠો થવાનાં કારણે ગંદકીમાં વધારો થઈ રહયો હોય ગ્રામજનોને પણ દુર્ગંધનો સામનો કરીને અવર-જવર કરવી પડતી હોય તો બીજી બાજુ ચોમાસાની સિઝનને લઈ રોગચાળાની દહેશત પણ વર્તાઈ રહી હોય જે અંગેની જાણ ઉના પી.આઈ.ને થતા પોલીસ કર્મીઓ દ્વારા જેસીબીની મદદથી દેલવાડા ગામનો ધન કચરો નદીનાં વહેતા પાણીમાં ઠાલવવામાં આવ્યો હતો. ઉના તાલુકાના દેલવાડા ગામમાં સ્વચ્છતા અભિયાનનાં લીધે લીરા ઉડી રહયા હોય તેમ મચ્છુન્દ્રી નદી કાંઠે દેલવાડા ગામનો ધન કચરો ઠાલવવામાં આવી રહયો છે. તેમજ આંડેધડ ખુલ્લામાં ફેકાઈ રહેલો કચરો દેલવાડા ગામની ગંદકીમાં પણ વધારો કરી રહયો હોય "મારૂ ગામ સ્વચ્છ ગામ" ની વાતો કરવામાં આવે છે. પરંતુ છેલ્લા



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

ઘણા સમયથી ખડકાઈ રહેલા ધન કચરાને દુર કરવા માટે સ્થાનિક પંચાયત દ્વારા આળસ દાખવવામાં આવતી હોય કચરાનો નિકાલ કરેલ ન હોય અને કાંઠા પર કચરાનાં ઢગ ખડકાતા દેલવાડા ગામે નદીકાંઠા વિસ્તારમાં ગંદકીમાં દિન પ્રતિદિન વધારો વધારો થઈ રહયો હોય તેમજ અવર-જવર કરતા સ્થાનિક રહીશોને પણ દુર્ગંધનો સામનો કરવો પડી રહયો હોય ત્યારે ઉના પી.આઈ.એન.કે.ગોસ્વામી દેલવાડા ગામની મચ્છુન્દ્રી નદી પાસેથી પસાર થઈ રહયા હતા. ત્યારે દેલવાડા નદી કાંઠા પાસે રહેતા લોકોની સમસ્યા ધ્યાને આવતા પી.આઈ. એન.કે. ગોસ્વામી, પ્રદિપસિંહ રાયજાદા સહિતનાં પોલીસ કર્મીઓ દ્વારા જેસીબીની મદદથી કચરો નદીનાં વહેતા પાણીમાં ઠાલવી સફાઈ કરવામાં આવતાં પંચાયતને કરવામાં આવતી કામગીરી ઉના પોલીસે કરતા આસપાસમાં રહેતા લોકોએ ઉના પોલીસ ઈન્સ્પેકટર એન.કે. ગૌસ્વામી તથા તમામ પોલીસ સ્ટાફનો આભાર માન્યો હતો.

# અધિક માસની અમૃતધારા



## કાંઠાગોરની વારતા

નદી કિનારે આવેલ સુંદર ગંગાનગરમાં એક ડોશી રહે. ડોશીને બે દીકરા. બેયને પરણાવ્યા. મોટી વહુ ઘણી અભિમાની અને ધનવાન હતી. પરણીને તરત જુદી થઈ. નાની વહુ બિચારી ભલી ભોળી અને ગરીબ ગાય જેવી. ડોશી નાની વહુ ભેગી રહે. વહુ, દીકરો ને ડોશી ભગવાન જે આપે એમાં સંતોષ માને. જપ-તપ કરે અને પ્રભુ ભજન કરે.

એમ કરતા પુરૂષોત્તમ માસ આવ્યો. ડોશી વહુએ વ્રત લીધા, નાની વહુને થયું કે આવું પવિત્ર ફળદાયી વ્રત જેઠાણી પણ કરે તો સારું. એ તો બિચારી ગઈ જેઠાણી પાસે ને જઈને વાત કરી. મોટી વહુ તો તરત છણકો કરતા બોલી : 'જા બાઈ, જા, હું કાંઈ તારા જેવી નવરી નથી. મારે તો ઘડીકનીય નવરાશ નથી. મારે તો ઘણી દુકાનેથી અને દીકરો નિશાળેથી આવે, દિકરી સાસરેથી આવે અને વહુ પિયરથી આવે. મારે તો જમવા બત્રીસ ભોજન ને તેત્રીસ શાક જોઈએ. મારે તો કપાળે ટીકો ને કાખમાં કીકો, ઝુલતું પારણું ને ઘમ્મર વલોણું, ખદખદતી ખીચડીને સુવાવડી દીકરી ! જા રે બાઈ ! મારે તો કાંઈ ટીલાં-ટપકાં કરવાં નથી કે નથી અપવાસ કરવા. 'ભગવાન જાય રસાતાળ ને કાંઠાગોરનું ફૂટે કપાળ.' તું તારે ભજ તારા ભગવાનિયાને અને જમાડ તારા એ ભામટાઓને, મારી જાણે બલારાત ! જા અહીંથી વેગળી ખસ !'

નાની વહુ તો એનું આવું અપમાન થયું એટલે દુ:ખી હૈયે ચાલી ગઈ. એણે તો પુરૂષોત્તમ માસમાં ભગવાનના જપ તપ અને એકટાણા કરવા માંડયા અને ભાવથી પુરુષોત્તમ ભગવાનને ભજવા લાગી. રોજ બ્રાહ્મણને જમાડીને પછી જમતી. રાત્રે પ્રભુ ભજનમાં લીન થઈ જતી.

આ વાતને થોડા દિવસ વીત્યા અને કાંઠાગોર જેઠાણી ઉપર કોપાયમાન થયા. ધણી પેઢીએથી ન આવ્યો, દિકરો નિશાળેથી ન આવ્યો, દિકરી સાસરેથી ન આવી અને વહુ પિયરમાં જ રહી, અને ઢોર સીમમાં જ રહી ગયા.

જેઠાણીના શોકનો પાર ન રહયો. એ તો રડતી-રડતી ગઈ દેરાણી પાસે અને જઈને રોદણાં રોવા માંડી : 'મારો દીકરો ને ધણી ખોવાઈ ગયા. મારી દિકરી સાસરેથી ના આવી અને મારી વહુ પણ પિયરમાંથી પાછી ના આવી. મારું તો કિસ્મત રુઠયું છે.' ત્યારે ડોશીએ એને સમજાવ્યું કે આ તો કાંઠાગોરનો કોપ છે. 'તેં ભગવાન પુરૂષોતમનું અપમાન કર્યુ છે. એટલે **(ક્રમશ:)**



સંપાદક : મહેન્દ્ર જોષી

મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

### કંગનાની વાત સાચી પડી ?

# સાચે જ નીતૂ કપૂરના પરિવારમાં પડ્યું ભંગાણ ?

## કંગના રનૌતે તેના ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરતા લખ્યું આવું થાય છે જ્યારે તમે કોઈ ફિલ્મના પ્રમોશન માટે લગ્ન કરો છો

મુંબઈ, તા.૨૦

કપૂર પરિવારને ઈન્ડસ્ટ્રીનો પહેલો પરિવાર કહેવામાં આવે છે. આ પરિવારનો મહત્વનો ભાગ છે નીતુ કપૂરનો પરિવાર. નીતુ કપૂરના પરિવારમાં પુત્ર રણબીર કપૂર, પુત્રવધૂ આલિયા ભટ્ટ, પૌત્રી રાહા છે. પરંતુ હાલમાં જ નીતુ કપૂરે પરિવારને લઈને એક આવી પોસ્ટ કરી છે જેને સૌકોઈનું ધ્યાન ખેંચ્યુ છે. નીતુ કપૂરે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાંથી શેર કરેલી પોસ્ટ પર તેણે લખ્યું- 'આ જ કારણ છે કે અમારા પરિવારો હવે પહેલા જેવા નથી રહ્યા. કારણ કે, પરિવારને સાચવનારાઓને આપણે દફનાવીએ છીએ.

નીતુ કપૂરે તેની સ્ટોરી પર પમ્મી બક્ષી ગૌતમની પોસ્ટ પોતાની સ્ટોરી પર પોસ્ટ કરી હતી. લોકોનું ધ્યાન નીતુ દ્વારા શેર કરવામાં આવેલી આ પોસ્ટ પર ગયું છે કારણ કે, તાજેતરમાં જ કંગના રનૌતે તેના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ પોસ્ટ કરી હતી. જેમાં કંગના એક સ્ટાર કપલનું નામ લીધા વિના તેમના પર કટાક્ષ કરતી જોવા મળી હતી. ત્યાર બાદ એવી અટકળો શરૂ થઈ હતી કે, તે રણબીર અને આલિયાના લગ્ન પર ટોણો મારી રહી છે. હવે નીતુ કપૂરની પોસ્ટ કંગનાની વાતને જાણે આડકતરી રીતે સાચી ઠેરવી રહી હોય



તેમ લાગે છે.

કંગના રનૌતે તેના ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરતા લખ્યું- 'આવું થાય છે જ્યારે તમે કોઈ ફિલ્મના પ્રમોશન માટે લગ્ન કરો છો. આ અભિનેતાએ ફિલ્મ માફિયાના દબાણમાં લગ્ન કર્યા હતા. બદલામાં ફિલ્મ મેળવવા માટે તે પાપા કી પરી સાથે લગ્ન કરે છે, હવે તે આ નકલી લગ્નમાંથી છુટકારો મેળવવા માંગે છે! હવે તેણે ફક્ત તેની પત્ની અને બાળકની સંભાળ રાખવાની છે. આ ભારત છે, અહીં એકવાર લગ્ન થઈ જાય પછી તેને નિભાવવા પડે છે.

કંગનાએ તો ત્યાં સુધી પણ દાવો કર્યો હતો કે, આ બોલિવુડ કપલ એકબીજાથી અલગ જુદા જુદા ફ્લોર પર આવેલા ઘરમાં રહે છે. અગાઉ નીતુ કપૂરનો જન્મદિવસ હતો, જ્યારે આખો પરિવાર ઉજવણી કરવા મુંબઈની બહાર ગયો હતો. આ દરમિયાન નીતુની સાથે તેનો પુત્ર અને અભિનેતા રણબીર કપૂર હતો. જ્યારે પુત્રી રિદ્ધિમા અને તેની પુત્રી સમાયરા પણ હાજર હતી.

જ્યારે ઘણા લોકોએ નોંધ્યું હતું કે, આલિયા ભટ્ટ આ વેકેશનમાં ફેમિલી ટ્રીપમાં જોવા મળી નથી. તેમજ રાહા તેના પિતા અને દાદી સાથે દેખાઈ નહોતી. આ સ્થિતિમાં ઘણા લોકો કોમેંટ સેક્સનમાં પરિવારમાં અણબનાવ વિશે વાત કરતા જોવા મળ્યા. જોકે નીતુએ આલિયાને આ ટ્રિપ પર યાદ કરતા ઉલ્લેખ કર્યો હતો, પરંતુ આલિયાએ પણ દિલ બનાવીને કોમેન્ટ કરી હતી.

### કેટરિનાની જન્મદિવસની ધૂમધામથી કરી ઉજવણી

# પતિ-પત્નની ભગવાનની માફક કરે છે કેટરિનાની પૂજા

મુંબઈ, તા.૨૦

પોતાની મનોકામના અને માનતા પુરી થાય તેના માટે ભગવાનની પૂજા કરતા લોકો તો જોયા હશે. ઘરમાં પોતાના બાળકોના જન્મદિન પણ મનાવતા જોયા હશે. ચરખી દાદરી જિલ્લાના ગામ ઢાણી ફોગાટના બંટૂ અને તેની પત્ની સંતોષ ફિલ્મ અભિનેત્રી કેટરિના કૈફને ભગવાનથી પણ વધારે માને છે અને તેના જન્મદિવસ પર ભગવાનની જગ્યાએ કેટરિના કૈફની પૂજા કરતા આવ્યા છે. છેલ્લા દસ વર્ષથી આ દંપતી દર વર્ષે કેટરીના કૈફનો જન્મદિવસ પર કેક કાપી અને લાડુ વહેંચીને ધૂમધામથી મનાવે છે. આ દંપતીની કેટરિના કૈફને મળે તેવી ઈચ્છા ધરાવે છે.



ફિલ્મ અભિનેત્રી કેટરિના કૈફ પ્રત્યે ઢાણી ફોગાટના રહેવાસી દંપતી કર્મબીર ઉર્ફ બંટૂ અને તેની પત્ની સંતોષનું જુનૂન એ હદ એ છે કે, તેમના ઘરમાં ચારેતરફ અંદર અને બહાર કેટરિના કૈફની જ તસવીરો લાગેલી છે. તેમના આ શોખને લઈને ગામલોકો હવે તેમને કેટરિના કૈફના નામથી ઓળખે છે. ગામના પંચના જણાવ્યા અનુસાર, બંટૂએ સૌથી પહેલા કેટરિના કૈફને પહેલી વાર ૨૦૦૪માં જ્યારે તેની ફિલ્મ જોઈ તો, દિવાના થઈ ગયા અને મનમાં ઈચ્છા થઈ કે, તેઓ કેટરિના કૈફને મળીને રહેશે. બંટૂએ પહેલા તો પોતાના ઘરમાં કેટરિના કૈફનો ફોટો લગાવ્યો. લગભગ તે જ વર્ષે બંટૂના લગ્ન સંતોષ સાથે થયા. ત્યાર બાદ તેની પત્નીએ આ કેટરિના કૈફની દિવાનગીમાં સાથ આપ્યો.

આ દંપતી કેટરિના કૈફનો જન્મદિવસ મનાવે છે. આ વખતે પણ બંટૂએ પોતાની પત્ની અને દીકરી સાથે મળીને કેટરિના કૈફનો જન્મદિવસ ધામધૂમથી મનાવ્યો છે. બંટૂની પત્ની સંતોષનું કહેવું છે કે, જ્યારે તેના લગ્ન થયા અને તે ઘરમાં આવી તો, તેના પતિ દ્વારા કેટરિના કૈફને લઈને મનમાં જે ભાવ અને જે રીતે પૂજા કરી રહ્યા હતા, તે જોઈને તે ચોંકી ગઈ.

પોતાના પતિની કેટરિના કૈફ પ્રત્યેની ભક્તિ અને પ્રેમ જોઈને તે પણ પોતાના પતિની ઈચ્છા પુરી થાય અને કેટરિના કૈફ તેના પતિ સાથે મુલાકાત કરે. આ દંપતીની એક ઈચ્છા છે કે, તે એકના એક દિવસ કેટરિના કૈફ સાથે મુલાકાત કરે અને તેના સિવાય અન્ય કોઈ ઈચ્છા નથી. હવે બંને પતિ-પત્ની એવી પ્રાર્થના કરે છે કે, ક્યારે તેમની અભિનેત્રી કેટરિના કૈફ સાથે મુલાકાત થાય અને તેમનું સપનું પુરુ થાય.

### આ અભિનેત્રીના હતા માઠા દિવસો

# શાઈની દોશી પાસે ના પૈસા હતા કે ના રહેવાની જગ્યા

મુંબઈ, તા.૨૦

પંડ્યા સ્ટોર ફેમ અભિનેત્રી શાઈની દોશીને સૌકોઈ ધારાના નામથી ઓળખે છે. પંડ્યા સ્ટોરમાં ધારાની ભૂમિકા ભજવીને તે ઘર-ઘરમાં જાણીતી બની હતી. જોકે, આ નામ-પ્રસિદ્ધિ માટે શાઈનીએ ખૂબ જ મહેનત કરી છે. એક જૂના ઈન્ટરવ્યુમાં શાઈનીએ પોતાના સંઘર્ષના દિવસો વિશે વાત કરી હતી અને કહ્યું હતું કે, '૨૦૧૩માં સરસ્વતીચંદ્ર' દરમિયાન તે સારી કમાણી કરતી હતી. હું બે ઘરની સંભાળ રાખતી હતી. પણ જ્યારે શો બંધ થયો અને હું બીજો શો શોધી શકું તે પહેલાં બધી બચત જતી રહી.

મને લાગતુ કે, આ કેવી જીંદગી છે. જો કે, છેલ્લા કેટલાક વર્ષો વધુ સારા રહ્યા છે. આ સિવાય શાઈનીએ કહ્યું હતું કે, જ્યારે હું મુંબઈ આવી ત્યારે ઘરની જવાબદારી પણ મારી હતી. હું માત્ર ૧૫ હજાર રૂપિયા લઈને આવી હતી.

શાઈનીએ કહ્યું હતું કે, મારી પાસે ન તો પૈસા હતા કે ન તો રહેવા માટે જગ્યા. જીવન મુશ્કેલ હતું. મારે મારા ભાઈ અને માતાની પણ કાળજી લેવી પડતી. જિંદગીએ મને એવી પરિસ્થિતિમાં મૂકી દીધી હતી કે મારે જ કમાવું પડ્યું. મારા પિતા અમને છોડીને ગયા ત્યારે મારો ભાઈ ભણતો હતો.

મમ્મી ગૃહિણી હતી. મારે બધું જ કરવાનું હતું. હું એક ગુજરાતી પરિવારમાંથી આવું છું અને ત્યાં એક એક્ટર હોવુ સારી બાબત નથી ગણાતી. પહેલા ટીકા થઈ. તે સમયે મારી માતા



મારો સૌથી મોટો આધાર હતો. તે જ મને તાકાત આપતી હતી. મને યાદ છે કે, જ્યારે સેટ પર મારો દિવસ સારો ના રહે ત્યારે હું તેને કહેતી કે, 'મમ્મી સેટ પે આજ બેઈજ્જતી હો ગઈ' અને તે કહેતી કે કોઈ વાંધો નહીં. ઉલ્લેખનીય છે કે, શાઈનીએ સરોજિની- એક નયી પહેલ, સરસ્વતીચંદ્ર, બહુ હમારી રજનીકાંત, લાલ ઈશ્ક, ખતરોં કે ખિલાડી ૮, શ્રીમદ ભાગવત મહાપુરાણ, અલિફ લૈલા જેવા ઘણા શો કર્યા છે. હાલ અભિનેત્રી પંડ્યા સ્ટોરમાં જોવા મળે છે. જો કે, આ શોમાં લીપ આવવાની છે અને શોની જૂની કલાકારોએ શો છોડી દીધો છે. શાઈની દોશીએ પણ શો છોડી દીધો છે. શોના જૂના કલાકારો સાથે છેલ્લા દિવસનું શૂટિંગ કરવામાં આવ્યું છે.

### મધ્ય પ્રદેશમાંથી શરમજનક ઘટના સામે આવી

# પાણીની બોટલમાં પેશાબ ભરીને છાત્રાઓને આપી

## બિછિયા ધારાસભ્ય નારાયણ સિંહ પટ્ટાએ જબરદસ્ત આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, મધ્ય પ્રદેશમાં જ આવી ઘટનાઓ કેમ થઈ રહી છે?

મંડલા, તા.૨૦

મધ્ય પ્રદેશના મંડલા જિલ્લાના બિછિયા વિકાસખંડમાં આવેલ લફરા ગામની હાયર સેકેન્ડરી વિદ્યાલયમાં ભણતી છાત્રાઓને પાણીની બોતલમાં પેશાબ ભરીને આપવાનો કિસ્સો ચર્ચામાં આવ્યો છે.

આ મામલામાં પોલીસ પણ એક્ટિવ થઈ ગઈ છે અને અજ્ઞાત વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ ચુકી છે, આ ઉપરાંત બુધવારે કેન્દ્રીય મંત્રી ફગ્ગન સિંહ કુલસ્તે ઉપરાંત બિછિયા વિધાનસભાના ધારાસભ્ય નારાયણ સિંહ પટ્ટા અને નિવાસ વિધાનસભાના ધારાસભ્ય ડો. અશોક મર્સકોલે આ સ્કૂલમાં પહોંચવાથી રાજકીય ઘમાસાણ શરુ થઈ ગયું છે.

બિછિયા ધારાસભ્ય નારાયણ સિંહ પટ્ટાએ જબરદસ્ત આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, મધ્ય પ્રદેશમાં જ આવી ઘટનાઓ કેમ થઈ રહી છે? આ ચિંતાનો વિષય છે. સ્કૂલ સાથે જોડાયેલ હોવાના કારણે આ કિસ્સો વધારે સંવેદનશીલ થઈ ગઈ છે. નિવાસ ધારાસભ્ય અશોક મર્સકોલે પણ આ મામલાની તપાસ સુક્ષ્મતાથી કરાવવાની વાત પર ભાર આપ્યું છે. કાલે દિવસ ભર લફરામાં આવેલી શાળામાં હોબાળોનો માહોલ જોવા મળ્યો હતો. જનપ્રતિનિધિઓ પહોંચ્યા બાદ આખું ગામ સ્કૂલમાં એકઠું થઈ ગયું હતું.

આ તમામ લોકોએ દોષિતો પર કાર્યવાહી કરવાની માગ કરી છે અને જનપ્રતિનિધિઓની સમક્ષ જબરદસ્ત આક્રોશ જોવા મળ્યો છે.

કેન્દ્રીય ફગ્ગન સિંહ કુલસ્તે તમામ છાત્ર-છાત્રાઓ અને તેમના સ્વજનો સાથે મળ્યા અને તેમને આ મામલામાં કડક કાર્યવાહી કરવાનું આશ્વાસન પણ આપ્યું છે.

### ડીપનેક ગાઉનમાં હોટનેસ જોઇને થઇ જશો પાણી-પાણી

# જહાન્વી કપૂરે શેર કર્યા અત્યાર સુધીના સૌથી બોલ્ડ ફોટોઝ

## એક્ટ્રેસે ઓપન હેર અને ગ્લોસી મેકઅપ સાથે પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે, ફોટામાં એક્ટ્રેસનો આ અંદાજ લોકોને ખૂબ જ પસંદ આવી રહ્યો છે

મુંબઈ, તા.૨૦

બોલિવૂડ એક્ટ્રેસ અને શ્રીદેવીની લાડલી જહાનવી કપૂર તેના સ્ટાઈલિશ લુકને કારણે અવારનવાર લાઈમ લાઈટમાં રહે છે. ઈન્ટરનેટ પર લોકોને જહાન્વી કપૂરનો સ્ટાઈલિશ અને ગ્લેમરસ અંદાજ ગમે છે. એક્ટ્રેસે હાલમાં જ ફરી એકવાર પોતાનો ગ્લેમરસ લુક શેર કર્યો છે. સિલ્વર બોડી કોન ગાઉન પહેરીને એક્ટ્રેસ ખૂબ જ સુંદર લાગી રહી છે. જાહ્નવી કપૂરે તેના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે. ફોટોઝમાં એક્ટ્રેસ સિલ્વર ડીપ નેક ગાઉન પહેરેલી જોવા મળી રહી છે. એક્ટ્રેસે ઓપન હેર અને ગ્લોસી મેકઅપ સાથે પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે. ફોટામાં એક્ટ્રેસનો આ અંદાજ લોકોને ખૂબ જ પસંદ આવી રહ્યો છે. તે જ સમયે, લોકો પણ એક્ટ્રેસની ખૂબસૂરતી પર ફિદા થઈ રહ્યાં છે. જોકે, કેટલાક લોકોને જહાન્વીનો આ લુક પસંદ પણ નથી આવ્યો કેટલાક લોકોને જાહ્નવી કપૂરનું સિલ્વર મરમેઈડ ગાઉન પસંદ આવ્યું તો કેટલાકે એક્ટ્રેસને ટ્રોલ કરી. કેટલાકે તેમની તુલના પ્લાસ્ટિક અને ફોઈલ સાથે કરી. જહાન્વી કપૂરના લેટેસ્ટ લુક પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું, એક્ટિંગ પર ઓછું, પરંતુ ફિગર પર કંઈક વધારે જ ધ્યાન આપ્યું છે. એકે કહ્યું, પ્લાસ્ટિક કપૂર. એક યુઝરે કહ્યું કે આ ફોઈલ પેપરમાં પ્લાસ્ટિક કોણે ભર્યું, તો કોઈએ લખ્યું- આગળ પ્લાસ્ટિક, પાછળ પ્લાસ્ટિક, મોંઢા પર પ્લાસ્ટિક, બધું પ્લાસ્ટિકથી બનેલું છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો જાન્હવી કપૂર 'એનટીઆર ૩૦'માં જોવા મળશે. આ ફિલ્મમાં તે જુનિયર એનટીઆરની સામે જોવા મળશે. તે જ સમયે, એક્ટ્રેસ રાજકુમાર રાવ સાથે 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'માં જોવા મળશે. બીજી તરફ ૨૧ જુલાઈએ એક્ટ્રેસની ફિલ્મ બવાલ રીલિઝ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં એક્ટ્રેસ વરુણ ધવન સાથે જોવા મળશે.

### વરુણ અને જહાન્વી ફિલ્મ બવાલને કારણે ચર્ચામાં

# ફોટોશૂટ દરમિયાન એકબીજામાં ઓતપ્રોત થઈ ગયા જહાન્વી અને વરૂણ

મુંબઈ, તા.૨૦

અભિનેતા વરુણ અને જહાન્વી કપૂર હાલ તેમની ફિલ્મ 'બવાલ'ને કારણે ચર્ચામાં છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર બંનેનું ખૂબ જ બોલ્ડ ફોટોશૂટ સામે આવ્યું છે. જેને લઈને ઈન્ટરનેટનો પારો વધી ગયો છે. જાહ્નવી કપૂરે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના લેટેસ્ટ ફોટોશૂટની કેટલીક તસવીરો શેર કરી છે. જેમાં તે વરુણ ધવન સાથે ખૂબ રોમાંચક પોઝ આપી રહી છે. આ તસવીરોમાં જાહ્નવી અને વરુણ ધવન બ્લેક આઉટફિટમાં કેમેરા સામે પોઝ આપતા ખૂબ જ હોટ લાગી રહ્યા છે. જહાન્વી અને વરુણની આ તમામ તસવીરો બ્લેક એન્ડ વ્હાઈટ છે. દરેક તસવીરમાં બંને એકથી એક પોઝ આપી રહ્યાં છે. જેના પરથી ચાહકોની આંખો હટાવવાનું મુશ્કેલ બની ગયું છે. જાહ્નવી કપૂરે ફોટોશૂટ માટે બ્લેક ઑફ શોલ્ડર ડીપનેક ડ્રેસ પહેર્યો છે. અભિનેત્રીએ ખુલ્લા વાંકડિયા વાળ અને સટલ મેકઅપ સાથે તેનો દેખાવ પૂર્ણ કર્યો. બીજી તરફ, વરુણ પણ બ્લેક લેધર જેકેટ પહેરીને આ ફોટોશૂટમાં ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યો છે. જહાન્વી સાથેની તેની કેમેસ્ટ્રી ઈન્ટરનેટ પર આગ લગાવી રહી છે. વરુણ અને જાહ્નવીની આ તસવીરો ખૂબ જ પસંદ કરવામાં આવી રહી છે. અભિનેત્રીની આ પોસ્ટ પર થોડી જ મિનિટોમાં ૧૫ હજારથી વધુ લાઈક્સ આવી ગઈ છે. જણાવી દઈએ કે બંનેની ફિલ્મ 'બવાલ' ૨૧ જુલાઈએ રિલીઝ થશે.

### જેકલીન ફર્નાન્ડિસની નવી તસવીરો સામે આવી

# જેકલીન શોર્ટ ટોપમાં કર્વી ફિગર ફ્લોન્ટ કરતી જોવા મળી

## જેક્લીન ફર્નાન્ડિસની આ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે જ આગની જેમ વાયરલ થઈ ગઈ છે

મુંબઈ, તા.૨૦

જેકલીન ફર્નાન્ડિસ આ દિવસોમાં સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે. જેકલીન ફર્નાન્ડિસ અવારનવાર તેના ફેન્સ માટે તેની નવી તસવીરો અને વીડિયો શેર કરતી રહે છે, જેને તેના ફેન્સ પણ ખૂબ પસંદ કરે છે. આ દરમિયાન જેકલીન ફર્નાન્ડિસની નવી તસવીરો સામે આવી છે. આ તસવીરોમાં જેકલીન ફર્નાન્ડિસ શોર્ટ ટોપ પહેરેલી જોવા મળી હતી. આ તસવીરોમાં જેકલીન ફર્નાન્ડિસ તેના કર્વી ફિગરને ફ્લોન્ટ કરતી જોવા મળી હતી. જેકલીન ફર્નાન્ડિસની આ તસવીરો આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ હતી. જેક્લીન ફર્નાન્ડિસે જે



તસવીરો શેર કરી છે તે તસવીરોમાં જેકલીન ફર્નાન્ડિસ બ્લેક ટોપ પહેરેલી જોવા મળી હતી. જેકલીન ફર્નાન્ડિસના ફેન્સને આ ડ્રેસ ખૂબ જ પસંદ આવી રહ્યો છે. જેક્લીન ફર્નાન્ડિસની આ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે જ આગની જેમ વાયરલ થઈ ગઈ છે.

### અવિરત વરસાદથી જગતાત ગણાતા ખેડૂતોની ચિંતામાં વધારો

# ખમૈયા કરો : બાબરા પંથકમાં બે થી અઢી ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ : નદીઓ ગાંડીતુર બની

### કપાસ, મગફળી સહિતનાં ખેતીપાકોને નુકસાન થવાની ભિતિ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦


બાબરામાં રાજયના હવામાન ખાતાની આગાહી મુજબ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની અસર જોવા મળી હતી. અહીં સવારથી વાતાવરણ મેઘાવી બન્યું હતું. બાબરા શહેર સહિત તાલુકાના મોટાભાગના ગામડાઓમાં હળવેથી ભારે વરસાદ પડયો હતો. જેના કારણે ગામની સ્થાનિક નદીમાં પુર આવ્યા હતા તેમજ ખેતરોમાં પાણી ભરાયા જતા ખેડૂતો ચિંતાતુર બન્યા હતા.

બાબરા શહેરમાં બપોરના ધીમીધારે સારો એવો વરસાદ પડી ગયો હતો તેમજ દરેડ, લુણકી, વાંડળીયા, હાથીગઢ, ચરખા, ચમારડી, ઉંટવડ સહિતના ગામડાઓમાં પણ ધોધમાર વરસાદ પડયા હતો.

દરેડ ગામમાં બે ઈંચ વરસાદ પડતાં ગામની નદી નાળા છલકાય ગયા હતા તેમજ સ્થાનિક નદી કાલુભારમાં પુર આવ્યું હતું તેમજ લુણકી, વાંડળીયામાં પણ અઢી ઈંચ વરસાદ પડતાં બંન્ને ગામ વચ્ચે પસાર થતી ગાગડિયા નદીમાં પણ ઘોડાપુર આવ્યું હતું.

બાબરા પંથકમાં મેઘાવી માહોલ છવાયો છે અને હજુ સતત વરસાદ પડતાં વરાપ નહિ નીકળતા ખેડૂતોને માથે ચિંતાના વાદળો પથરાઈ ગયા છે અને પાકમાં નુકસાન જવાની ખેડૂતો ભીતિ સેવી રહ્યા છે.

# વીજળીનું ડરામણું દ્રશ્ય કેમેરામાં કેદ થયું



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

ગુરૂવારે સવારે ૯:૩૦ કલાકે સાવરકુંડલા પંથકમાં ભારે વરસાદ વચ્ચે વીજળીનાં જોરદાર કડાકા ભડાકા શરૂ થયા હતા. એ સમયે આંબરડી ગામે આકાશમાં વરસાદનો વિડિયો મોબાઈલમાં શૂટ કરતી વેળાએ વીજળીનું ભયાનક દ્રશ્ય પણ મોબાઈલમાં કેદ થયું હતું. વીજળીનાં આ કડાકાનું ડરામણું દ્રશ્ય જોનાર લોકો ઘડીભર માટે સ્તબ્ધ થઈ ગયા હતા.

### અમરેલી નજીક આવેલ

# દહીડા ગામનાં આધેડ મહિલાએ માનસિક બીમારીથી કંટાળી જઈ કૂવો પૂર્યો

### છેલ્લા બે વર્ષથી માનસિક બીમારીથી કંટાળી ગયા હતા

અમરેલી, તા. ૨૦, અમરેલી તાલુકાનાં દહીડા ગામે રહેતા રસીલાબેન કિશોરભાઈ મકાણી નામનાં ૪૯ વર્ષિય આધેડ મહિલાને છેલ્લા બે વર્ષથી માનસિક બીમારી હોય. ભાવનગરની દવા ચાલું હોય માનસિક બીમારીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે દહીડા ગામે સ્વામીનારાયણ મંદિર પાછળ આવેલ રસીકભાઈની વાડી પાસે રસીલાબેને કૂવામાં પડી જઈ પાણીમાં ડૂબી જતાં તેણીનું મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### અમરેલીનાં કલેક્ટર મારફત રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવાયું

# મણિપુરની ઘટનાને લઈને રાજય અને કેન્દ્ર સરકારને પદભ્રષ્ટ કરવામાં આવે : આપ

### સમગ્ર દેશનું માથુ શરમથી ઝૂંકી જાય તેવી ઘટના બની



અમરેલી, તા. ૨૦

અમરેલીનાં કલેકટર મારફત જિલ્લા આમ આદમી પાર્ટીનાં પ્રમુખ નિકુંજ સાવલિયાની આગેવાનીમાં આગેવાનોએ રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, છેલ્લા કેટલાંક મહિનાઓથી મણિપુરમાં ચાલી રહેલી હિંસા અંગે

અનુસંધાન પાના ૬ ઉપર

### ગરીબોએ પેટે પાટા બાંધીને મકાનો બનાવ્યા પણ તંત્ર સુવિધા આપતું નથી

# દામનગરનાં ખોડિયારનગરમાં વસવાટ કરતાં આમ આદમીનાં પરિવારોને માર્ગની સુવિધાનો અભાવ

### વર્ષોથી અંડરબ્રિજમાં પાણી ભરાવાનો પ્રશ્ન અને માર્ગ તો કયાંય છે જ નહી



દામનગર, તા. ૨૦

દામનગર શહેરમાં અતિ વરસાદથી ખોડીયારનગર ગરનાળામાં વરસાદી પાણી ભરાતા પોતાના વાહનો બહાર એક કિ.મી. દૂર રેઢા મૂકી જોખમી રેલવે ટ્રેક ઓળંગી લોકો પોતાના ઘેર જઈ રહ્યા છે. રાજકીય કદ વધારવા સ્થાનિક નેતાઓએ ગરીબ પરિવારોને મફત પ્લોટ ફાળવણી કરવાના કામે લેઆઉટ પ્લાન ટેબલ એરિયામાં રસ્તા દર્શાવ્યા પણ હકીકતે કાયમી રસ્તો હતો જ નહીં. ગરીબ પરિવારોને કુવામાં ઉતારી વરત કાપી ગરીબ પરિવારો સાથે માફ ન કરી શકાય તેવી ગંભીર બેદરકારીએ લાચાર ગરીબ પરિવારો જાય તો જાય કયાં ? શાકભાજી કે છૂટક મજૂરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા અતિ ગરીબ મજૂર વર્ગના લાભાર્થીઓએ પેટ કાપી બચત કરી સામાન્ય મકાનો બનાવવા મરણ મુડી ખર્ચી નાખી પછી ખબર પડી કે ખોડિયારનગરને કાયમી રસ્તો નથી. સામાન્ય વરસાદમાં પણ અવર જવર બંધ રહેતા ગરનાળામાં અતિ ભારે વરસાદથી સમગ્ર ખોડિયારનગરના રહીશો લાચાર કોઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### એક વ્યકિતનું સારવાર દરમિયાન મોત થતા

# બાબરામાં ૪ દિવસ પહેલા થયેલ મારામારીનો બનાવ હત્યામાં પલટાયો

### સ્થાનિક પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૨૦

બાબરા ગામે રહેતા રણજીતભાઈ રામસેવકભાઈ ગોહિલના કૌટુંબિક કાકા છોટુભાઈ લખુભાઈને અગાઉ દિપુભાઈ પ્રમોદભાઈ, કિશનભાઈ લાડુલાલ તથા કલ્લુભાઈ સાથે બોલાચાલી થયેલ તે વાતનું મનદુઃખ રાખી આ ત્રણેય આરોપીએ એકસંપ કરી ગત તા. ૧૬નાં રોજ રાત્રે કરીયાણા રોડ ઉપર છોટુભાઈ ઉપર જીવલેણ હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કરી દીધા હતા.

આ બનાવ અંગે અગાઉ જીવલેણ હુમલાની ફરિયાદ નોંધાતા પોલીસે ત્રણેય આરોપીને ઝડપી લીધા હતા.

ત્યારે આ બનાવમાં ઘવાયેલા છોટુભાઈને સારવાર માટે રાજકોટ ખાતે ખસેડાયેલ જયાં તેમનું મોત નિપજતા હોય બનાવ હત્યામાં પલટાયો છે.

# સાવરકુંડલા : જેસર માર્ગ પરથી વિદેશી દારૂના જથ્થા સાથે એકની અટકાયત



અમરેલી, તા. ૨૦

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ. સોનીની સુચના અને માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન

અનુસંધાન પાના ૬ ઉપર

### લીલીયાના ગુંદરણ ગામના ચકચારી મર્ડર કેસમાં

# ભાવનગર જેલમાં વચગાળાના જામીન પર છુટી ફરાર થયેલ આરોપીની અટકાયત

### પોલીસ અધિક્ષકની સુચનાથી ક્રાઇમ બ્રાન્ચની કામગીરી



અમરેલી, તા. ૨૦

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલસીબી ટીમ દ્વારા લીલીયા પો.સ્ટે.ફ. ગુ.ર.નં. ૧૬/૨૦૧૩, આઈપીસી કલમ ૩૦૨, ૩૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮ તથા આર્મ્સ એકટ કલમ ૨૫(૧) બીએ વિ. મુજબના ગુન્હાના કામે ભાવનગર જેલ ખાતે કાચા કામના કેદી ગુજરાત હાઈકોર્ટના હુકમ આધારે તા. ૦૮/૦૨/૨૦૨૩ થી તા. ૧૫/૦૨/૨૦૨૩ એમ દિન–૦૭ માટે વચગાળાના જામીન ઉપર મુકત થયેલ હોય અને મજકુર કેદીને તા. ૧૬/૦૨/૨૦૨૩ના રોજ ભાવનગર જેલ ખાતે હાજર થવાનું હતુ પરંતુ તે ભાવનગર જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયેલ હોય, અને મજકુર કેદી પાંચ માસથી નાસતા ફરતો હોય, મજકુર કેદી ઉસ્માનભાઈ નુરમહંમદભાઈ દલ રે. ગુંદરણને પકડી પાડી, ભાવનગર જેલ હવાલે મોકલી આપેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલસીબી પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા એલસીબી ટીમના એએસઆઈ બહારદુભાઈ વાળા, મહેશભાઈ સરવૈયા તથા પો.કોન્સ. વિનુભાઈ બારૈયા, યુવરાજસિંહ વાળા, લીલેશભાઈ બાબરીયા, તુષારભાઈ પાંચાણી દ્વારા કરવામાં આવેલ છે.


નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ
(ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિત્તલ રોડ, અમરેલી)



કન્જકટીવાઈટીસ
બીમારી વિશે સમજ અને ઉપાય

ડૉ. પૂજા ચોટાઈ
M.S. (Ophthal)
(આંખના રોગોના નિષ્ણાંત)

લક્ષણો
- આંખમાં ખંજવાળ આવવી.
- આંખમાંથી સતત પાણી પડવું.
- આંખમાં દુ:ખાવો થવો.
- આંખના પોપચાં ચોંટી જવા.
- ઘણી વખત આંખમાંથી પરૂ પણ નીકળી શકે.

કન્જકટીવાઈટીસ થવાના કારણો
વાયરલ અને બેકટેરીયલ કન્જકટીવાઈટીસ
- છીંક/ખાંસી ખાતા ચેપ લાગે
- સીધા સંપર્ક દ્વારા
એલર્જીથી થતો કન્જકટીવાઈટીસ
- પાલતુ પ્રાણીના ખોડાથી
- ધૂળ-રજકણ કચરાથી
- ફુલ-ફળ પરાગરજથી


શું કરવું
- સંક્રમિત વ્યક્તિએ ચશ્મા પહેરવા. - આંખમાંથી પાણી નીકળતું હોય તો એ વહીને ગાલ પર આવે ત્યારે ટીસ્યુ પેપરથી સાફ કરવું. - ચેપી વ્યકિત નો રૂમાલ અલગ રાખવો. - સંક્રમિત વ્યક્તિએ વારંવાર હાથ ધોવા.
- ચેપી બાળકની કાળજી લેનાર વાલીએ વારંવાર હાથ ધોવા. - તબીબોની સલાહ મુજબ સારવાર કરાવવી.

શું કરવું નહીં
- હાથ આંખને અડાડવો નહીં કે આંખ ચોળવી નહીં. - સંક્રમિત વ્યકિત સાથે હસ્તધૂનન ટાળવું તેમજ તેણે અડેલી વસ્તુને અડવું નહીં. - સંક્રમિત વ્યકિતએ ઉપયોગ કરેલી વસ્તુનો ઉપયોગ ટાળવો.
- જાતે એન્ટીબાયોટીક કે સ્ટિરોઈડના ટીપા આંખમાં નાખવા નહી - પોપટા આજવા નહિ.
- સંક્રમિત બાળકો સાથે બીજા બાળકોએ રમવાનું ટાળવું.

નોંધ:- મોતિયા, વેલ, છારીના ઓપરેશન આયુષ્માન કાર્ડમાં તદન મફતમાં થાય છે.



Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૫૯૯૨


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)